
## Box Cricket League - Dt. 27-28-11-2021 - Youth Committee





The Youth Committee of GCCI organized 2-days GCCI Youth Wing Box Cricket League on 27th and 28th November, 2021 at Shaishya Academy.

Total Eight teams namely Aatmanirbhar Avengers, DHS Daredevils, Plymart Phoenixes, Sun Soldiers-PV renewables, Paragraph Troopers, Bitman Flyers, NP Label Hawks and Wogom Strikers were part of the Box Cricket League.

12 league matches, 2 semi-finals and 1 female players match were held during 2 days of box cricket league.

President Shri Hemantbhai Shah remained present at the toss ceremony. Final Match held between NP Label Hawks

and Wogom Strikers. Shri Meet Pandya's NP Label team won the final match. Wogom Strikers was awarded for the finishing in second place.

Ms. Dhwani Shah won the best bowler award in the female category. Ms. Roma Patel won the award for best batsman in female category.

Ms. Radhika Patel was awarded as a player of the series in female category. Shri Aadit Shah won the trophy for the best bowlers in male category.

Shri Himanshu Dani won the trophy for best batsman in male category. Man of the series was Shri Priyank acharya in male category.

Chairman, Shri Nirmam Jhaveri, while concluding the league expressed his gratitude towards all the sponsors of the tournament and applauded the efforts of each and every member of the committee for making this league successful.

## Courtesy Meeting with Shri Harsh Sanghavi, Minister of State - Home Department Government of Gujarat - Dt. 07-12-2021 - Youth Committee



Youth Committee of GCCI had a courtesy Meeting with Home Minister of State for Home Department Shri Harsh Sanghavi at 7th December, 2021 and discussed:

How Youth Wing Committee can contribute in the drug awareness campaign and he advised members to arrange a panel discussion for the same. Further it was also discussed various ways to retain the start-ups who migrate their operations to other cities or states though they were incorporated in Gujarat. He stated that the State Government is taking Immediate actions on cases related rapes of minor, in a months' time or even less.

## Rendezvous with Sandeep Engineer – Astral Group - Dt. 24-12-2021 - Youth Comm.





**Sandeep Engineer**
Founder & MD, Astral Group

The Youth Committee of GCCI organized a Rendezvous with the Founder & MD of Astral Group Shri Sandeep Engineer on 24-12-2021.

Shri Hemant Shah, President GCCI, in his welcome address stated how it is important for the entrepreneur to start early and mentioned that Shri Sandeep Engineer had started early, which helped him to set-up and expand his business. Shri Sandeep Engineer, while addressing the members of GCCI discussed his life journey at length and mentioned various important aspects of the business, branding, marketing, strategizing and willingness. He also mentioned about the ups and downs in his buisness and how he could successfully manage them to make it finally into Fortune 500 list.

Shri Nirmam Jhaveri, Chairman, Youth Committee concluded the event with a vote of thanks.

## Ice- Breaker Series-II as “Business Social” with Shri Abhay Mangaldas - Dt. 28-12-2021 - Youth Committee





**Abhay Mangaldas**
Founder/Director,
The House of MG

The Youth Committee of GCCI organised the Ice- Breaker Series-II as “Business Social” to welcome and interact with new members at Darwin Bucky Gallery – The House of MG. All new members could meet existing members casually and interact over high tea. The delegation of the Youth Committee was given a warm welcome by Shri Abhay Mangaldas and he interacted with the young entrepreneurs and shared his inspirational life journey.

# *Business Women Committee*

## Health Check-up Camp - Dt. 18-11-2021 - Business Women Committee



જીસીસીઆઈ. બિઝનેસ વિંગ કમિટી હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન (લાયન્સ ક્લબ) તથા ઉત્કર્ષ હેલ્થ કેર ફાઉન્ડેશન (ઈન્ડિયા) દ્વારા હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન. મહિલાઓના ઉદ્યોગોના વિકાસ ઉપરાંત જરૂરિયાતમંદ મહિલાઓમાં સ્વાસ્થ્ય માટેની જાગૃતતા વધારવાના ઉદ્દેશ થી ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સની મહિલા કમિટી દ્વારા હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનના સહયોગથી તા. ૧૮-૧૧-૨૦૨૧ના સવારે ૧૧થી ૫ સુધી પારસનગર, નારણપુરા, વિસ્તારમાં હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત આ વિસ્તારની બહેનોનું વિનામૂલ્યે બ્રેસ્ટ સ્ક્રીનિંગ ટેસ્ટ તથા સ્વાસ્થ્યની કાળજી કેવી રીતે રાખવી વગેરે અંગે ડોક્ટર દ્વારા જાણકારી આપવામાં આવી હતી. કેમ્પનું સંચાલન અને કાર્યવ્યવસ્થા મહિલા કમિટીનાં ચેરપર્સન કુસુમકૌલ વ્યાસ તથા તેમના કમિટી મેમ્બર્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સાથે ચેક-અપ માટે આવનાર બહેનો માટે ઉત્કર્ષ હેલ્થ કેર ફાઉન્ડેશન (ઈન્ડિયા) તરફથી અનાજની કિટ તથા ચોકલેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## Facebook live at GURUKRUPA GOLDEN TOUCH AND ART GALLERY PVT. LTD. - Dt. 20-11-2021 - Business Women Committee



Facebook live at GURUKRUPA GOLDEN TOUCH AND ART GALLERY PVT. LTD. and a talk with its Director Purvi Upadhyay. Kusum Kull Vyass Chairperson of GCCI BWC and Team visited their studio and had a look at the exclusive collection of 24 karat gold mounted articles They do gold mounting work on temple accessories like Kalash , djwajadand Sinhasan , gold walls of garbhgruh etc....They also have a beautiful collection of gold mounted statues

and arethe only manufactures of gold mounted furniture. They also gold mount different customised products as per the requirements. It was a unique experience of visiting this type of workplace who have an expertise of gold work in more than 500 temples all over India and abroad .We Congratulate Ms Purvi Upadhyay reach heights in her business.

## Festive Get-Together - Dt. 06-12-2021 - Business Women Committee



Don't get dejected by rejection, something better is coming! The universe has better plans for you.

A doctor's daughter turned actress Ms. Bhakti Kubavat graced the Festive Ge-Together on December 6th, hosted by the Business Women's Wing, of Gujarat Chamber of Commerce at the Vraj Gopi farms in Ahmedabad. Dressed in a beautiful peach lehenga, Bhakti looked gorgeous in the Indian outfit adorned with light shimmer work. No doubt, she is the chosen mascot for the Gujarat tourism campaign, filling in the large shoes of Mr. Amitabh Bachchan. She complimented the women and encouraged them to keep working towards their goals and aspirations to put Gujarati entrepreneurship on the global map. Ms. Kubavat mingled with the audience over dinner and dance party and proved that no matter high she flies, she is a true Gujarati at heart! A humble human being, inspiring woman and gorgeous actor added lots of sparkle to the Diwali gathering!

## Program on Cow Based Green Economy of India - Dt. 23-12-2021 - Business Women Comm.



On Thursday, 23rd December, 2021, GCCI BWC organized Programme on "Cow Based Green Economy of India" at GCCI Premises.

The event was graced by Chief Guest, Dr. Vallabhbhai Kathiria, Ex-Chairman, Rashtriya Kamdhenu Aayog, Govt. of India and Dr. Falguni S. Thaker, Director, Animal Husbandry, Govt. of Gujarat.

Shri Hemant Shah, President GCCI in his speech welcomed our esteemed guests and audience to the event. He also added that under the guidance of Government of India and Gujarat to develop Agriculture and Animal Husbandry with use of new technologies. Smt. Kusum Kaull Vyass, Chairperson, Business Women Committee, brief all participant about the programme. Dr. Vallabhbhai Kathiria,



**Dr. Vallabhbhai Kathiria**
Ex Chairman,
Rashtriya Kamdehnu Aayog,
Govt. of India



**Dr. Falguni S. Thaker**
Director, Animal Husbandry,
Govt. of Gujarat

Ex Chairman, Rashtriya Kamdhenu Aayog, Govt. of India, remarked that Cow breeding has huge opportunity in Employment as well as Health and Economy. He emphasized on the usage of Cow's Urine in Medical Field and cow dung in making of products such like Fibers and Idols. In his speech Dr. Falguni S. Thaker, Director, Animal Husbandry, Govt. of Gujarat, remarked about various schemes of Government of Gujarat for Animal Husbandry. She also added that government is keen to increase such income sector.

Ms. Runal Patel, Co-Chairman, Business Women Committee concluded the event by presenting vote of thanks. Women members attended the event in large numbers.

# Representations

- અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ઉદ્યોગોનાં કેન્દ્ર સરકારનાં ડ્રેનેજ કનેક્શન કાપવા બાબતે માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશ પંચાલને પાઠવેલ પત્ર. (તા.૧-૧૧-૨૦૨૧)
- ડીપ-સી ડિસ્ચાર્જ લાઇનના પ્રોજેક્ટની કામગીરી ત્વરિત ધોરણે આગળ વધારવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને પાઠવેલ પત્ર. (તા. ૯-૧૧-૨૦૨૧)
- રિયલ એસ્ટેટ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ડાયરેક્ટ ટેક્સીસ અંગે ભારત સરકારનાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને પાઠવેલ પત્ર. (તા.૧૭-૧૧-૨૦૨૧)
- અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ઉદ્યોગોનાં ડ્રેનેજ કનેક્શન કાપવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને પાઠવેલ પત્ર. (તા.૨૭-૧૧-૨૦૨૧)
- ટેક્સટાઇલ ફેબ્રિક્સ ઉપર જીએસટીના દરમાં વધારો કરતા પરિપત્રને પાછો ખેંચી ભારત સરકારનાં માનનીય નાણામંત્રીશ્રી તેમજ જીએસટી કાઉન્સિલનાં ચેરમેન શ્રીમતી નિર્મલા સીતારામનને પાઠવેલ રજૂઆત. (તા.૨૭-૧૧-૨૦૨૧)
- ભારત સરકારનાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામનને પાઠવેલ વર્ષ ૨૦૨૨-૨૩ ડાયરેક્ટ ટેક્સ માટેનું પ્રી-બજેટ મેમોરેન્ડમ. (તા.૩-૧૨-૨૦૨૧)
- જીએસટી કાઉન્સિલના ચેરમેન શ્રીમતી નિર્મલા સીતારામનને GSTR-9, GSTR-9A અને GSTR-9C ફોર્મ ભરવા માટેની સમય મર્યાદા તા. ૧૫-૨-૨૦૨૨ સુધી લંબાવવા વિનંતી કરતો પાઠવેલ પત્ર. (તા.૧૩-૧૨-૨૦૨૧)
- ટેક્ષટાઇલ ફેબ્રિક પર જીએસટીના દરમાં વધારો રદ કરવા કેન્દ્રનાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને કરેલ રજૂઆત. (તા.૧૩-૧૨-૨૦૨૧)
- કેન્દ્રનાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને મુખ્ય સેગ્મેન્ટમાં જીએસટી દરમાં વધારા અંગે હસ્તક્ષેપ કરવા કરેલ રજૂઆત. (તા.૧૩-૧૨-૨૦૨૧)
- કેન્દ્રના રેલવે વિભાગના માનનીયમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવને રેલવેને લગતાં મોકલાવેલ સૂચનો. (તા.૧૪-૧૨-૨૦૨૧)
- GPCB દ્વારા મેટલિક ઉદ્યોગ પરના અર્થઘટનના કારણે થતી પ્રતિકૂળ અસર અંગે તથા GPCBને આ બાબતની સ્પષ્ટતા કરવા અને સ્ટીલ ઉદ્યોગનો CTE/CTO એમેન્ડમેન્ટ/ રિન્યૂઅલ/એક્સપાન્શન અરજીને હોલ્ડ ન કરવા કે રીજેક્ટ ન કરવા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને પાઠવેલ પત્ર. (તા.૧૫-૧૨-૨૦૨૧)
- કેન્દ્રનાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને આરોગ્ય વીમાના પ્રીમિયમના જીએસટી દરમાં ઘટાડો કરવા મોકલાવેલ વિનંતી પત્ર. (તા.૨૩-૧૨-૨૦૨૧)
- પર્યાવરણને લગતા પ્રશ્નોની રૂબરૂમાં ચર્ચા કરી રજૂઆત કરવા ગુજરાત રાજ્યના ઉદ્યોગ વિભાગના માનનીય મંત્રી શ્રી જગદીશભાઇ પંચાલને અગાઉથી મોકલી આપેલ રજૂઆતો. (તા.૨૭-૧૨-૨૦૨૧)
- ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને હોસ્પિટલ પોલિસી-૨૦૧૧ અંગે મોકલાવેલ સૂચનો. (તા.૨૪-૧૨-૨૦૨૧)
- નગરરચના યોજના (ટી.પી. સ્કીમ) અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને મોકલાવેલ સૂચનો (તા.૨૪-૧૨-૨૦૨૧)
- કૃષિ યુરિયાનો ગેરકાયદે ઔદ્યોગિક ઉપયોગ રોકવા કેન્દ્રનાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન અને કેમીકલ અને ફર્ટિલાઇઝર વિભાગના માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયાને પાઠવેલ પત્ર. (તા.૧-૧-૨૦૨૨)
- ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ પોલિસી-૨૦૧૫ અંતર્ગત ઇન્સેન્ટિવ સ્કીમનો લાભ મળે તે માટે ઉત્પાદન શરૂ કરવા માટે મિનિમમ છ માસ પહેલાં રજિસ્ટ્રેશન કરાવવાની જોગવાઇ દૂર કરવા તેમજ ઉત્પાદન કરવાની મુદત ૬ માસ લંબાવવા માટે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને કરેલ રજૂઆત. (તા.૧-૧-૨૦૨૨)
- ગુજરાત રાજ્યના રાજ્ય કક્ષાના માનનીય ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશભાઇ પંચાલને GIDCના પ્રશ્નોની કરેલ રજૂઆત. (તા.૧-૧-૨૦૨૨)
- નાણાકીય વર્ષના ઇન્કમટેક્સ રિટર્ન અને ટેક્સ ઓડિટ રિપોર્ટ સબમિટ કરવાની તારીખ લંબાવવા માટે કેન્દ્રનાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને કરેલ રજૂઆત. (તા.૬-૧-૨૦૨૨)

CHARUSAT
ACCREDITED WITH
GRADE A
BY NAAC



## CHARUSAT-
## Every choice finds its identity.

Charotar University of Science & Technology with its world-class nfrastructure, eminent teaching faculty & inspiring campus environment has become **one of the most preferred education destinations offering 72 UG & PG programs through its 9 institutes.**
It is here that we encourage students to perceive knowledge & learning beyond its defined boundaries.
It is here that students are nurtured with values, valour & vivacity to challenge the conventional & pave their own path.

CHARUSAT IS INDEED A GOLDEN TRUTH OF GUJARAT.

SHRI NARENDRA MODI
HON'BLE PRIME MINISTER OF INDIA

I AM HAPPY TO KNOW THAT CHARUSAT HAS A GOAL SET FOR THE MISSION OF SOCIAL UPLIFTMENT WITH COMPONENTS OF KNOWLEDGE ACQUISITION & IMPARTING EDUCATION.

DR. APJ ABDUL KALAM
FORMER PRESIDENT OF INDIA & ARCHITECT OF THE MISSILE PROGRAM OF INDIA DURING THE FIRST CONVOCATION OF CHARUSAT





**FACULTY OF TECHNOLOGY & ENGINEERING**

Chandubhai S Patel Institute of Technology
B.Tech I M Tech

Devang Patel Institute of Advance Research & Technology
B Tech

**FACULTY OF COMPUTER SCIENCE & APPLICATIONS**

Smt. Chandaben Mohanbhai Patel Institute of Computer Application
BCA I B.Sc (IT) I M Sc (IT) I MCA

**FACULTY OF MANAGEMENT**

Indukaka Ipcowala Institute Of Management
BBA I MBA

**FACULTY OF PHARMACY**

Ramanbhai Patel College of Pharmacy
B Pharm I M Pharm

**FACULTY OF SCIENCES**

P D Patel Institute of Applied Sciences
B.Sc I M Sc

**FACULTY OF MEDICAL SCIENCES**

Ashok & Rita Patel Institute of Physiotherapy
BPT I MPT

Manikaka Topawala Institute of Nursing
GNM I B.Sc (Nursing) I M Sc

Bapubhai Desaibhai Patel Institute of Peramedical Sciences
BRIT I BOPTAT I
Bachelor of Optometry I
M Sc(MLT)

**PH D PROGRAMME IN ALL FACULTIES**

CHARUSAT
CHAROTAR UNIVERSITY OF SCIENCE AND TECHNOLOGY
अमृतं तु विद्या

Accredited with Grade "A" by NAAC, Govt. of India

President:
Shri Surendra M. Patel,
Provost:
Dr. Pankaj Joshi

CHARUSAT
Campus-Changa.
Off Nadiad-Petlad Highway,
Gujarat-388421, INDIA.

Call: (02697), 265011,265021,
E: admissions@charusat.ac.in
Website: www.charusat.ac.in
Help line : 8905 500 500

Aegis: Shri Charotar Moti Sattavis Patidar Kelavani Mandal
President : Shri Surendra M Patel I Secretary : Dr. M. C. Patel

CENTERS : DR. K. C. PATEL RESEARCH & DEVELOPMENT CENTER
• CHARUSAT SPACE RESEARCH & TECHNOLOGY CENTER
• PRAMUKH SWAMI CENTER OF EXCELLENCE IN RENEWBLE ENERGY
• PRI. B. I. PATEL HUMAN RESOURCE DEVELOPMENT CENTRE
• CHARUSAT RURAL EDUCATION DEVELOPMENT PROGRAM (CREDP)

# ભારતમાં અંગ્રેજી હકૂમત અને આઝાદીની લડતનો ટૂંકો ઈતિહાસ

આપણે સૌ જાણીએ છીએ તેમ આ વર્ષે આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી આ વર્ષે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આ મેગેઝીનની ખાસ આવૃત્તિ રૂપે આ અંક દ્વારા ભારતની આઝાદીના અનામી સપૂતો, જેમણે તન-મન અને ધનથી ભારતની આઝાદીમાં સક્રિય ભાગ લઇ બલિદાન આપેલ છે તેવા ગુજરાતનાં આ રત્નોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે.

"જય હિન્દ"



**સ્મિતા ધ્રુવ**
બહુભાષી લેખિકા

ભારતમાં મુગલ સલ્તનતનો સૂર્ય આથમ્યા બાદ લગભગ બે સૈકાઓના લાંબા સમય દરમ્યાન અંગ્રેજોએ શાસન કર્યું.

ભારતમાં ક્યારથી અને કઇ રીતે યુરોપીય પ્રજા પગપેસારો કરવા પામી? એટલું જ નહિ, શાસનકર્તા બની બેઠી? તે ટૂંકમાં જાણીએ.

સૈકાઓ પૂર્વેનો સમય હિન્દુસ્તાનમાં સુવર્ણયુગ સમાન હતો અને તેની સમૃદ્ધિથી આકર્ષાઇને પરદેશીઓ જળ કે સ્થળ માર્ગ દ્વારા અહીં પહોંચવાના અથાગ પ્રયત્ન કરતા હતા, પરંતુ તેમાં કોઇનેય સફળતા મળી નહિ.

૧૫મી સદીની શરૂઆતમાં યુરોપના વિવિધ દેશોમાંથી સાગરખેડૂઓ અલભ્ય હિન્દુસ્તાનની શોધમાં નીકળી પડ્યા, જેમાં ડચ, પોર્ટુગીઝ, ફ્રેન્ચ તથા અંગ્રેજો મુખ્ય હતા. ભારતની ભૂમિ ઉપર સૌપ્રથમ પગ મૂકનાર હતો. પોર્ટુગીઝ મુસાફર વાસ્કો-ડી-ગામા, જે દક્ષિણ ભારતના કાલિકટ બંદરે ૨૦ મે, ૧૪૯૮ના દિવસે પહોંચ્યો હતો તે પછી અનેક મુસાફરો અને સંશોધકોને ભારત સુધી પહોંચવા રસ્તાની ભાળ મળી.

અંગ્રેજોની "ઈસ્ટ ઇન્ડિયા કંપની"ના હોદ્દેદારો-સર થોમસ રો તથા વિલિયમ હોકિન્સ ઇ.સ. ૧૬૧૫માં મોગલ બાદશાહ જહાંગીરને મળ્યા અને ભારતમાં તેમની કંપની સ્થાપવા માટે પરવાનગી મેળવી, જે સમય જતાં દેશ માટે ખતરનાક નિવડી.

ઇ.સ. ૧૬૧૨ સુધીમાં ભારતમાં રહેલા અંગ્રેજોએ ભારતમાં જ યુદ્ધ કરીને ડચ તથા પોર્ટુગીઝને હરાવ્યા અને તેમની વસાહતોને જડમૂળથી ઉખેડીને પોતાનો પાયો મજબૂત બનાવ્યો. તે છતાં ભારતમાં કેટલાક અંશે ફ્રેન્ચ, પોર્ટુગીઝ અને ડચ પ્રજા વસવાટ કરવા પામી.

"ઈસ્ટ ઇન્ડિયા કંપની"એ પોતાનાં કેન્દ્રો સુરત, મદ્રાસ, મુંબઇ તથા કલકત્તામાં સ્થાપ્યાં. વેપારના નામ હેઠળ તેમણે ભારતના લોકોની નબળાઇઓ તથા ખાસિયતો સમજવા માંડી. ધીમે-ધીમે વિવિધ રાજ્યમાં શામ, દામ, દંડ તથા ભેદની નીતિ અપનાવીને કબજો કરવા માંડ્યો અને તે પ્રાંતમાં પોતાના કાયદા અમલમાં મૂકવા માંડ્યા.

ઇ.સ.૧૭૫૭માં આખરી પ્રહારરૂપે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ બંગાળના નવાબ સિરાજુદૌલા સાથે પ્લાસીનું યુદ્ધ ખેલીને બંગાળ, બિહાર તથા ઓડિશા ઉપર પોતાનો પૂર્ણ કબજો જમાવ્યો. ટૂંકા સમયગાળામાં દક્ષિણ ભારત, પંજાબ તથા મરાઠાના પ્રાંત પણ તેમના શાસન હેઠળ આવી ગયા.

ભારતીય પ્રજામાં આથી ખળભળાટ મચી ગયો ! જનજાગૃતિનો સમય હવે આવી ગયો ! "ઈસ્ટ ઇન્ડિયા કંપની"ના નેજા હેઠળ ભારતમાં ઘૂસણખોરી કરી બેઠેલા અંગ્રેજ શાસનકર્તાઓને પોતાને વતન પાછા મોકલવા જ રહ્યા !

પરિણામ સ્વરૂપે ઇ.સ. ૧૮૫૭માં વીર તાત્યા ટોપે, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, તે સમયના મુગલ બાદશાહ બહાદુરશાહ ઝફર વગેરે વિવિધ પ્રાંતમાંથી અગણિત દેશભક્તો અંગ્રેજ હકૂમત સામે લડી લેવા સંગઠિત થયા અને અંગ્રેજો સામે જંગ ખેલાયો. આ યુદ્ધમાં ભારતના હજારો અને લાખો નાગરિકો જોડાયા, પરંતુ અંગ્રેજોની ચાલાકીએ આ લડતને નિષ્ફળ બનાવી.

"ઈસ્ટ ઇન્ડિયા કંપની"ના અફસરો અને અન્ય અંગ્રેજોએ કૂટનીતિ અપનાવી અંદરોઅંદર અને ભારતની પ્રજામાં અંદર-અંદર લડાઇઓ કરાવી તથા ક્રૂરતાનો કોરડો બેફામ ચલાવીને લાખો લોકોને રહેંસી નાખ્યા. અંતમાં અંગ્રેજોની જીત થઇ અને તેમણે સમગ્ર હિન્દુસ્તાનને પોતાના અંકુશ હેઠળ લાવી દીધું.

ઇ.સ. ૧૮૫૮માં હિન્દુસ્તાનમાંથી અઢળક ધન ઉલેચ્યા બાદ તથા ભારતના અર્થતંત્રને પાયમાલ કરીને ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતનું શાસન અંગ્રેજ રાજમાતા રાણી વિક્ટોરિયા (બ્રિટિશ ક્રાઉન)ને સોંપ્યું.

અંગ્રેજોના શાસનમાં જેમ જેમ સમય વીતતો ગયો તેમ-તેમ પરતંત્ર ભારતની ભૂમિમાંથી વિદ્વાનો, ચિંતકો અને નેતાઓ-દેશભક્તો રૂપે પ્રગટ થતા ગયા. વીર વાસુદેવ બળવંત ફડકે, ચાપેકર બંધુઓ, શ્યામજી કૃષ્ણ વર્માથી શરૂ કરીને ગોપાલકૃષ્ણ ગોખલે, બાળ ગંગાધર તિલક, મોતીલાલ નહેરુ, મહાત્મા ગાંધી, ચિત્તરંજન દાસ, રવીન્દ્રનાથ ટાગોર,

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી જેવા અસંખ્ય નરરત્નો જાગ્રત બન્યાં. તેમનાથી ભારતની પ્રજા ઉપર ઝીંકાતો અંગ્રેજોના દમનનો કોરડો સહન થયો નહિ અને તે સૌએ પોતપોતાની રીતે અંગ્રેજો સામે લડત આપવાના પ્રયત્નો કર્યા.

ઇ.સ. ૧૯૧૯ના એપ્રિલે, અમૃતસરના જલિયાંવાલાબાગમાં વૈશાખીનો તહેવાર ઊજવવા હજારો લોકો એકઠા થયા હતા, તે સમયે બ્રિટિશ ગવનમેન્ટના જનરલ ડાયરે અંગ્રેજ પોલીસની માફક તેમના ઉપર બેફામ ગોળીઓનો વરસાદ વરસાવ્યો. લગભગ ૧૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા અને ૨૦૦૦થી વધુ ઘાયલ થયા, જેમાં સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધોનો પણ સમાવેશ થતો હતો.

આ કરુણ ઘટનાથી દરેક ભારતીયનું હૃદય દ્રવી ઊઠયું. લોકોની સહનશક્તિની જાણે હદ આવી ગઇ હતી ! મહાત્મા ગાંધીએ અંગ્રેજ સરકાર સામે અસહકારના આંદોલનનો પડકાર ફેંક્યો, જેમાં પરદેશી વસ્તુઓનો સદંતર ત્યાગ કરવાનો નિર્ણય લેવાયો. ગાંધીજીના પડકારને દરેક સ્તરના લોકોએ ઝીલી લીધો. વિદ્યાર્થીઓએ પોતાનું શાળા તથા કોલેજનું ભણતર છોડ્યું. નોકરિયાતોએ નોકરી છોડી અને સૌ કોઇ આ ધ્યેય પાછળ પોતાનાં તન, મન અને ધન સમર્પિત કરવા તૈયાર થયા.

મહાન દેશભક્ત રાસબિહારી બોઝે ૧૫મી જૂન ૧૯૪૨ની બેંગકોકની પરિષદમાં જલિયાંવાલાબાગની ઘટના વિશે કહ્યું હતું, “દરેક દુર્ઘટનામાંથી કંઇક શીખવાનું હોય છે. આવું જ જલિયાંવાલાબાગ માટે કહી શકાય. ૧૦૦૦થી વધુ શહીદ થયેલા નિર્દોષ લોકો, કે જેમાં સ્ત્રીઓ અને બાળકો પણ સામેલ હતા. નિરર્થક ન જઇ શકે, ભારતના એક છેડાથી બીજા છેડા સુધી જે અસહકાર તથા સત્યાગ્રહની ચળવળ (Civil Disobeidence) ૧૯૧૯થી ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસે શરૂ કરી છે અને ભારતની પ્રજાએ ઝીલી લીધી છે, તે જલિયાંવાલાબાગની કરુણ ઘટનાનું જ પરિણામ હોઇ શકે.”

આ અસહકારનું આંદોલન ભારતની આઝાદીના પાયાના ઘડતર સમાન નીવડ્યું. દેશમાંથી અંગ્રેજ સલ્તનતને મૂળમાંથી ઉખેડી નાખવાનો તે પ્રથમ સઘન પ્રયાસ હતો. કેટલાક સ્થળે જ્યારે જનમેદનીનો રોષ કાબૂ બહાર જવા માંડયો ત્યારે પ્રજામાં અહિંસાના બદલે હિંસાનું સ્વરૂપ સામે આવવા માંડ્યું. આ સઘળું જોતાં મહાત્મા ગાંધીએ અસહકારની ચળવળ અડધેથી પડતી મૂકી.

દૂરંદેશી અને વિચારક ગાંધીજીને સમજાયું કે જો અંગ્રેજોને ભારતમાંથી હઠાવવા હશે તો તેમની જ યુક્તિઓ દ્વારા આ કાર્ય શક્ય બનશે. આથી તેમણે અહિંસા તથા સત્યાગ્રહ જેવાં સાત્ત્વિક શસ્ત્રોનો જ ઉપયોગ કર્યો. આખરે અંગ્રેજ સરકાર તેમનો સામનો કરતાં થાકી ગઇ, અને અંતે ૧૫મી ઓગષ્ટ, ૧૯૪૭ના રોજ તેમણે હિન્દુસ્તાનમાંથી ઉચાળા ભર્યા. અલબત્ત, દેશને બીજા બે દેશોમાં વિભાજિત કરીને ભારત, પૂર્વ પાકિસ્તાન (જે અત્યારે બાંગ્લાદેશ તરીકે ઓળખાય છે) તથા પશ્ચિમ પાકિસ્તાન.

ભારતના દરેક નાગરિકે મુક્ત વાતાવરણમાં શ્વાસ લીધો. પશ્ચિમ પાકિસ્તાનને કુરબાન કરી દીધું હતું. ત્યારબાદ થોડા સમય માટે ભારતની સઘળી જવાબદારી ગવર્નર જનરલના શિરે રહી, જે સૌ પ્રથમ લોર્ડ માઉન્ટબેટન બન્યા અને ત્યારબાદ સી. રાજગોપાલાચાર્ય હતા.

અંગ્રેજો પાસેથી ભારતને મળેલી આઝાદી એ ગણ્યા-ગાંઠ્યા વિદ્વાન, સુશિક્ષિત કે ધનાઢય વર્ગની ભેટ નથી, પરંતુ હજારો અને લાખો અનામી શહીદોએ પોતાના રક્ત વડે સીંચીને આપેલી આહુતીનું પરિણામ છે, જેમણે પોતાના જીવનની ક્ષણે-ક્ષણ દેશ ખાતર કુરબાન કરી દીધી હતી !

૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે આપણું પોતાનું ભારતના નાગરિકો દ્વારા રચાયેલું બંધારણ અમલમાં આવ્યું. ખરેખર તો તે દિવસથી દેશનું શાસનતંત્ર, અર્થતંત્ર, ન્યાયતંત્ર તથા બીજાં અગત્યનાં રાજકીય ક્ષેત્રો અંગ્રેજ સરકારે પૂર્ણપણે ભારતની પ્રજાને સોંપી દીધાં.

ચાલો, આજે આપણે દેશના સૌ શહીદોને શ્રદ્ધાંજલિ આપીએ તથા કેટલાક અનામી શહીદોને આ પુસ્તક દ્વારા યાદ કરી લઇએ ! દેશની આઝાદીની કીર્તિ કે શાબાશીની જરાય પરવા કર્યા વિના પોતાનું સમસ્ત સમર્પિત કરનારા પુણ્યાત્માઓને કોટિ-કોટિ વંદન!

**'જય હિંદ'**

---



**પુષ્પાબહેન મહેતા**
(૧૯૦૫–૧૯૮૮)

મહાત્મા ગાંધી માટે અનાથ બાળકો અને નિરાધાર સ્ત્રીઓને મદદ કરવાનું કાર્ય ઘણું મહત્ત્વનું હતું.

પૂજ્ય બાપુએ જ્યારે પુષ્પાબહેનના આ કાર્યક્ષેત્ર વિશે જાણ્યું, ત્યારે તેમને લાગ્યું કે પોતાનું પ્રતિનિધિત્વ કરનાર એક સમર્પિત લેફ્ટેનન્ટ તેમને મળી ગયા છે. તેમણે પુષ્પાબહેનને આશીર્વાદ મોકલ્યા અને લખ્યું, “તને પૈસાની મદદ મળવી જ જોઈએ. મારી આશા છે કે એ મદદ તને મળી જ રહેશે.”

પુષ્પાબહેન મહેતાનો જન્મ ૧૯૦૫માં ઉચ્ચ વિચારસરણી ધરાવતા નાગર કુટુંબમાં પિતા શંકરપ્રસાદ અને માતા હેતુબાના ઘરે પ્રભાસ પાટણ, (સૌરાષ્ટ્ર)માં થયો હતો. નાનપણથી જ નાનકડી પુષ્પા દયાળુ અને સ્પષ્ટવક્તા હતી - શાળામાંથી મળતાં ઇનામો સહજતાથી ગરીબ વિદ્યાર્થીઓને આપી દેતાં તે અચકાતી નહિ.

ઈ.સ. ૧૯૨૦માં પુષ્પાબહેનનાં લગ્ન પ્રખર વિદ્વાન અને બાહોશ પદાધિકારી જનાર્દનરાય મહેતા સાથે થયાં, પરંતુ ૧૯૩૧માં તેમનું નિધન થતાં સુખી દાંપત્યજીવન ભાંગી પડ્યું. તે છતાં પુષ્પાબહેને પતિની પ્રેરણાથી જે અભ્યાસ શરૂ કર્યો હતો તે પોતાનાં બાળકો જુગલ તથા ઉષાને સાચવતાં-સાચવતાં B.A. તથા M.A.નો અભ્યાસ પૂર્ણ કર્યો. આ સમય એવો હતો જ્યારે ભારત દેશ ગાંધીજીના માર્ગદર્શન હેઠળ જાગૃતિ અનુભવી રહ્યો હતો. અમદાવાદના અગ્રણી રાજકારણી તેમજ કાર્યકર શ્રીમતી મૃદુલાબહેન સારાભાઈ, જે આ અરસામાં અંગ્રેજો વિરુદ્ધ ચળવળ બદલ જેલવાસમાં હતાં તે છૂટ્યાં ત્યારે તેમણે ભારત-ગુજરાતની સ્ત્રીશક્તિને જાગૃત કરવા વિશે વિચાર્યું.

જ્યારે મૃદુલાબહેન પુષ્પાબહેનના પરિચયમાં આવ્યાં ત્યારે તેમની સમર્પણની ભાવના તથા પરિશ્રમ કરવાની તૈયારી જોઈને આ કાર્યમાં પોતાની સાથે લીધાં. બંનેએ ભેગાં મળીને ૧૯૩૩-૩૪માં 'જ્યોતિસંઘ' નામની સંસ્થાની સ્થાપના અમદાવાદમાં કરી. ત્યાર બાદ પુષ્પાબહેને ૧૯૩૭માં નિરાધાર સ્ત્રીઓ અને અનાથ બાળકો માટેની સંસ્થા 'વિકાસગૃહ' ની સ્થાપના કરી. આ બંને સંસ્થાઓ આજના સમયમાં વિશાળ વટવૃક્ષ સમાન ફૂલીફાલી છે.

આ અરસામાં તેમના પિતરાઈ ભાઈ ગાંધીજીની વિચારસરણી તરફ વળતાં તેમના પિતાએ ઘરમાં આવવાની મનાઈ ફરમાવી દીધી. તેવે સમયે પુષ્પાબહેને પોતાના ઘરે ભાઈને આશરો આપ્યો.

આમ, તેઓ ભારતની આઝાદીની લડતમાં ખુલ્લેઆમ જોડાઈ ગયાં.

૧૯૪૧માં ફાટી નીકળેલાં કોમી રમખાણો દરમ્યાન પુષ્પાબહેને હિંમતપૂર્વક હુલ્લડવાળા વિસ્તારમાં જઈને લોકોને બચાવ્યા હતા, તેમજ ૧૯૪૨ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભમાં રહીને તેઓએ ઘણી કામગીરી ઉપાડી લીધી હતી.

પુષ્પાબહેન જેવી લોખંડી મનોબળવાળી વ્યક્તિના કાર્યક્ષેત્રને ટૂંકમાં સમાવવું મુશ્કેલ છે. સતત સંઘર્ષમય જીવી અને ડગલે ને પગલે મહાત્મા ગાંધીની સલાહ લઈને આગળ વધતાં ગયાં અને પોતાની આગવી ઓળખ ઊભી કરી દીધી એમ કહી શકાય.

કોંગ્રેસ મહાસભામાં જોડાયા બાદ વર્ષો-વર્ષ દેશમાં કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિ હોય, જેમ કે ૧૯૪૪નો મુંબઈ પોર્ટનો બોમ્બ-બ્લાસ્ટ હોય કે ૧૯૪૬ નો દુકાળ હોય, તેમનું સેવાકાર્ય સતત ચાલ્યા કરતું.

૧૯૪૬ના વર્ષમાં જૂનાગઢની પ્રખ્યાત આરઝી હકૂમતની લડાઈમાં શામળદાસ ગાંધી સાથે તેમણે ઘણું કાર્ય કર્યું હતું.

આ સાથે પુષ્પાબહેને જૂનાગઢમાં ૧૯૪૫માં વિકાસગૃહ જેવી સંસ્થા 'શિશુમંગલ' અને વઢવાણ-સુરેન્દ્રનગરમાં તે જ અરસામાં 'વિકાસ વિદ્યાલય' ની સ્થાપના કરી. તેઓ વર્ષો સુધી સામાજિક કલ્યાણ બોર્ડનાં- મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર ખાતેના-અધ્યક્ષપદે રહ્યાં. ગીરનાં માલધારીઓ માટે માલધારી સંઘની રચના કરી. તેમણે સમાજની નિરાધાર સ્ત્રીઓ તથા બાળકો, અને દરેક પ્રકારનાં જરૂરિયાતમંદ લોકો પાછળ પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું.

પુષ્પાબહેનને પ્રથમ ગુજરાત વિધાનસભાનાં સ્પીકર તરીકે અને ત્યાર બાદ રાજ્યસભામાં બે કાર્યકાળ માટે નિયુક્ત કરવામાં આવ્યાં હતાં. ૧૯૫૫માં 'પદ્મભૂષણ'ની પદવીથી તેમને નવાજવામાં આવ્યા હતાં અને ૧૯૮૩માં 'જાનકીદેવી બજાજ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. જીવનનાં છેલ્લાં બે વર્ષ પથારીવશ રહીને ૨જી એપ્રિલ, ૧૯૮૮ના દિવસે આ દુનિયા છોડી, સૌનાં પ્રેરણા સ્રોત એવાં લોખંડી પુષ્પાબહેન અનંતની યાત્રા એ ચાલી નીકળ્યાં.

દૃઢનિશ્ચયી અને લોકલાડીલા પુષ્પાબહેનને કોટિ-કોટિ વંદન !

**- સ્મિતા ધ્રુવ**

---



**દુર્ગાવતી વોહરા**
(૧૯૦૭–૧૯૯૯)

આ એક એવી મહાન મહિલાની ગાથા છે, જેણે ગાંધીજીની અહિંસાથી તદ્દન વિરુદ્ધ માર્ગ પસંદ કર્યો.

દુર્ગાવતી વોહરા, જેમને પ્રેમથી દુર્ગાભાભી કહેવામાં આવતાં હતાં, તેઓ ભારતીય ક્રાંતિકારી અને સ્વતંત્રતા સેનાની હતા. બ્રિટિશરાજ સામે સશસ્ત્ર ક્રાંતિમાં સક્રિયપણે ભાગ લેનાર મહિલા ક્રાંતિકારીઓમાં તેઓ મોખરે હતાં.

દુર્ગાવતીનો જન્મ ઉત્તર પ્રદેશના અલાહાબાદ જિલ્લાના એક સુખી પરિવારમાં થયો હતો અને ૧૦ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન ભગવતીચરણ વોહરા સાથે થયાં હતાં, જેઓ ભગતસિંહ અને અન્ય ક્રાંતિકારીઓ સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હતા.

દુર્ગાદેવી હિન્દુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિકન એસોસિયેશન (HSRA) સભ્યની પત્ની હોવાથી તેઓ ભારતીય ક્રાંતિકારી વર્તુળોમાં "દુર્ગાભાભી" તરીકે લોકપ્રિય હતાં.

દુર્ગાભાભી માત્ર ક્રાંતિકારીઓનાં સમર્થક ન હતાં, ભગવતીચરણે તેમને બંદૂકનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ પણ આપી હતી. દેવીએ ભગવતીચરણ સાથે મળીને HSRA સભ્ય વિમલપ્રસાદ જૈનને 'હિમાલયન ટોઈલેટ્સ' નામની બોમ્બ ફેક્ટરી ચલાવવામાં મદદ કરી હતી.

૧૭ ડિસેમ્બર, ૧૯૨૮ના રોજ, જ્યારે ભગવતીચરણ કલકત્તામાં હતા ત્યારે બ્રિટિશ પોલીસ અધિકારી જોન સોન્ડર્સની હત્યા કરવામાં આવી હતી. આથી સરકારે લાહોરમાં વિવિધ નિયંત્રણો લાદી દીધાં.

દુર્ગાભાભી તેમના ત્રણ વર્ષના પુત્ર સાથે ઘરે એકલાં હતાં. સોન્ડર્સની હત્યાના બે દિવસ પછી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુએ દુર્ગાભાભીના દરવાજા ખખડાવ્યા. તેમની યોજના મુજબ દુર્ગાદેવી ભગતસિંહની પત્ની બન્યાં અને પોતાના પુત્ર સચીનને તેમના ખોળામાં બેસાડી, રાજગુરુને તેમનો નોકર બનાવીને કાનપુરની ટ્રેનમાં ચડ્યાં. ભગતસિંહે પોતાની દાઢી કાઢી નાખી હતી અને વાળ ટૂંકા કર્યા હતા તથા પશ્ચિમી પોશાક પહેર્યો હતો. સ્ટેશન પર ભગતસિંહે પોતાની છૂપી ઓળખ સાથે કાનપુરની ત્રણ ટિકિટો ખરીદી. વળી, કાનપુરની મુસાફરી બદલીને તેઓ લખનૌ માટે ટ્રેનમાં ચડ્યા કારણ કે હાવડા રેલવે સ્ટેશન પર CID લાહોરની ટ્રેનમાં મુસાફરોની તપાસ કરતી હતી. લખનૌ ખાતે રાજગુરુ બનારસ માટે અલગથી રવાના થયા જ્યારે ભગતસિંહ, દુર્ગાદેવી અને શિશુ હાવડા ગયાં. થોડા દિવસો પછી દેવી તેના બાળક સાથે લાહોર પરત ફર્યાં. પતિએ આપેલા લગભગ ૫૦૦૦ રૂપિયા દુર્ગાદેવીએ આ સાહસ પાછળ ખર્ચી નાખ્યા હતા.

ભગવતીચરણ ભગતસિંહ અને સાથીદારોને છોડાવવા રાવી નદીના કિનારે બોમ્બ બનાવી રહ્યા હતા તે સમયે વિસ્ફોટમાં તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

આ ઘટનાથી વિચલિત થયા વિના દુર્ગાવતીદેવીએ ૮ ઓક્ટોબર, ૧૯૩૦ના રોજ લોર્ડ હેઈલીની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો; તેઓ બચી ગયા, પરંતુ તેમના ઘણા સાથીઓ મૃત્યુ પામ્યા. આ ગોળીબાર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને એક દિવસ પહેલાં આપવામાં આવેલી ફાંસીની સજાનો બદલો લેવા માટે હતો. તેમણે પોતાનાં કીમતી દાગીના. ભગતસિંહ અને સાથીઓને બચાવવા માટે વેચી દીધા હતા.

ભારતીય મહિલાની આવી બહાદુરીભરી કાર્યવાહીથી અંગ્રેજો પણ આશ્ચર્યચકિત થઈ ગયા. સપ્ટેમ્બર-૧૯૩૨માં તેમની ધરપકડ કરવામાં આવી અને ત્રણ વર્ષની જેલ કરવામાં આવી હતી. તત્કાલીન ઈન્સ્પેક્ટર જનરલ, એસ.ટી. હોલિન્સ દ્વારા લખાયેલા પુસ્તકમાં તેમણે વર્ણવ્યું હતું કે દુર્ગાદેવી સરકાર ને આંખના કણાની જેમ ખૂંચતાં હતાં.

જેલમાંથી છૂટ્યા પછી દુર્ગાદેવી ગાઝિયાબાદ રહેવા ગયાં અને એક શાળામાં ભણાવવાનું શરૂ કર્યું. થોડા સમય બાદ તેમણે લખનૌમાં ગરીબ બાળકો માટે એક શાળા ખોલી હતી.

૧૪ ઓક્ટોબર, ૧૯૯૯ના રોજ જ્યારે દુર્ગાદેવીએ ગાઝિયાબાદમાં અંતિમ શ્વાસ લીધા ત્યારે ન તો અખબારોમાં કે ટેલિવિઝન પર આ ઘટનાનો ઉલ્લેખ થયો હતો કે મુંબઈ અને ગાઝિયાબાદમાં તેમની સ્મૃતિમાં કોઈ પ્રયાસો કરવામાં આવ્યા હતા !

આવી વિસરાઈ ગયેલી દઢનિશ્ચયી વીરાંગનાને કોટી કોટી વંદન !

**- સ્મિતા ધ્રુવ**

---



**શ્યામજી કૃષ્ણ વર્મા**
(૧૮૫૭-૧૯૩૦)

શ્યામજી કૃષ્ણ વર્મા ભારતીય ક્રાંતિકારી, વકીલ અને પત્રકાર હોવાની સાથે ભારતમાતાના બહાદુર પુત્રોમાંના એક હતા, જેમણે દેશની આઝાદી માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. શ્યામજી કૃષ્ણ વર્માનું નામ એવા મહાત્માઓમાં ગણાય છે, જેઓ ભારત અને વિદેશમાં રહીને પણ જીવનભર દેશભક્તો અને ક્રાંતિકારીઓને મદદ કરતા રહ્યા હતા. અંગ્રેજો દ્વારા ઈ.સ. ૧૮૫૮ માં પૂર્ણપણે પરતંત્ર થયા પછીના અરસામાં હિન્દુસ્તાનની આઝાદી માટેની જાગૃતિ લાવવામાં તેમણે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું.

શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ ૧૮૫૭માં કચ્છના માંડવી શહેરમાં થયો હતો. તેમનાં માતા-પિતાનું ૧૦ વર્ષની કુમળી વયે નિધન થતાં તેમનો ઉછેર દાદી દ્વારા થયો હતો. પ્રારંભિક શિક્ષણ ભૂજમાં મેળવ્યા બાદ મુંબઈમાં રહીને તેમણે સંસ્કૃતનું શિક્ષણ લીધું અને તેમાં પારંગત બન્યા.

વર્ષ ૧૮૭૫માં તેમનાં લગ્ન થયા બાદ તેઓ આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીના સંપર્કમાં આવ્યા, વર્ષ ૧૮૭૭ દરમિયાન તેમણે દેશભરમાં અનેક ભાષણો આપ્યા. કાશીના બ્રાહ્મણોએ તેમને 'પંડિત'ની ઉપાધિથી નવાજ્યા. ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર મોનિયર વિલિયમ્સે પોતાના મદદનીશ તરીકે નોકરી આપી.

વર્ષ ૧૮૭૯માં શ્યામજી ઈંગ્લેન્ડ પહોંચ્યા. મોનિયર વિલિયમ્સની ભલામણથી તેમને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ આપવામાં આવ્યો અને નોકરી કરવાની સાથે-સાથે તેમણે ઈ.સ. ૧૮૮૩માં બી.એ.ની ડિગ્રી મેળવી. તેઓ વર્ષ ૧૮૮૫માં ભારત પરત ફર્યા. વિવિધ સ્થળોએ દીવાન તરીકે નોકરી કર્યા બાદ છેલ્લી નોકરીમાં બ્રિટિશ એજન્ટ સાથેના વિવાદના કારણે વર્ષ ૧૮૯૭માં તેમણે બ્રિટિશરાજમાંથી વિશ્વાસ ગુમાવી દીધો અને દીવાનની નોકરી છોડી દીધી.

શ્યામજી કૃષ્ણ-વર્મા હર્બર્ટ-સ્પેન્સરના સૂત્રમાં માનતા હતા: "આક્રમકતા

સામે પ્રતિકાર માત્ર વાજબી નથી, પરંતુ અનિવાર્ય છે''. શ્યામજી સ્વામી દયાનંદ સરસ્વતીના અનુયાયી બની ગયા હતા. તેમની પ્રેરણાથી તેમણે ઈંગ્લેન્ડને પોતાની કર્મભૂમિ બનાવી.

સ્વતંત્રતાની ચળવળના પ્રયત્નોને મજબૂત કરવા તેમણે જાન્યુઆરી ૧૯૦૫થી 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' નામનું માસિક છાપું બહાર પાડવાનું શરૂ કર્યુ અને ૧૮ ફેબ્રુઆરી, ૧૯૦૫ના રોજ 'ભારતીય હોમ રૂલ સોસાયટી'ની સ્થાપના કરી. આ સોસાયટીનો ઉદ્દેશ્ય હતો ''ભારતીયો માટે ભારતીયો દ્વારા ભારતીયોની સરકાર સ્થાપિત કરવી''.

આ ઘોષણાને કાર્યરત કરવા માટે તેઓએ લંડનમાં 'ઈન્ડિયા હાઉસ'ની સ્થાપના કરી. વીર સાવરકર, મેડમ કામા, લાલા હરદયાળ, મદનલાલ ઢીંગરા તથા લેનિન જેવા ભારત તેમજ વિદેશના નેતાઓ માટેનું તે આશ્રયસ્થાન હતું. ઈંગ્લેન્ડમાં જે ભારતીય વિદ્યાર્થીઓને રંગભેદની નીતિથી અન્યાય થયો હોય, તે ઈન્ડિયા હાઉસમાં ખુશીથી રહી શકતા હતા.

'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' માં શ્યામજી કૃષ્ણ વર્માના રાષ્ટ્રવાદી લખાણો અને સક્રિયતાના કારણે બ્રિટિશ જાસૂસો તેમની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખતા હતા. તેથી તેઓ વીર સાવરકરને 'ઈન્ડિયા હાઉસ'ની જવાબદારી સોંપીને ગુપ્ત રીતે પેરિસ પહોંચી ગયા.

પેરિસ પહોંચ્યા પછી ત્યાંના રાજકીય નેતાઓની મદદથી તેમણે ભારતની આઝાદી માટે પોતાની પ્રવૃત્તિઓ ફરી શરૂ કરી દીધી જેના કારણે બ્રિટિશ સરકારે ફ્રાન્સની સરકાર ઉપર તેમને સોંપી દેવા વિષે દબાણ કર્યું, પરંતુ અસફળ રહ્યા. ૧૯૧૪માં પેરિસમાં અસલામતી લાગતાં તેઓ સ્વિટ્ઝર્લેન્ડ ગયા, જ્યાંથી તેમણે ફરી વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું.

૧૯૨૦ના દાયકામાં શ્યામજી કૃષ્ણ વર્માની તબિયત અવારનવાર ખરાબ રહેતી હતી. ૩૦ માર્ચ, ૧૯૩૦ના રોજ જીનિવાની એક હોસ્પિટલમાં તેમનું અવસાન થયું. બ્રિટિશ સરકારે ભારતમાં તેમના મૃત્યુના સમાચારને દબાવવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ આ સમાચાર ભારતના ક્રાંતિકારીઓ અને દેશભક્તો સુધી પહોંચી ગયા. ભગતસિંહ તથા તેમના સાથીદારોએ પણ શ્યામજી કૃષ્ણ વર્માને ભાવ ભીની શ્રદ્ધાંજલિ આપી હતી.

આઝાદીનાં લગભગ ૫૫ વર્ષ પછી તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ, શ્યામજી અને તેમનાં પત્નીનાં અસ્થિ જીનિવાથી ભારતમાં લાવવામાં આવ્યાં હતાં અને ૨૦૧૦માં તેમના સન્માનમાં માંડવી પાસે 'ક્રાંતિ તીર્થ' નામનું સ્મારક બનાવવામાં આવ્યું હતું.

૫૨ એકરમાં ફેલાયેલા સ્મારક સંકુલમાં શ્યામજી કૃષ્ણ વર્મા અને તેમની પત્નીનાં પ્રતિમાઓ સાથે હાઈગેટ ખાતે ઈન્ડિયા હાઉસ બિલ્ડિંગની પ્રતિકૃતિ છે. સ્મારકની અંદર કૃષ્ણ વર્માનાં તથા તેમની પત્નીનાં અસ્થિઓ અને ભારતીય સ્વતંત્રતા ચળવળના અગાઉના કાર્યકરોને સમર્પિત ગેલેરી બનાવવામાં આવેલ છે. ૧૯૭૦ના દાયકામાં, તેમના મૂળ રાજ્ય કચ્છમાં એક નવું નગર વિકસિત થયું, જેનું નામ તેમની યાદ અને સન્માનમાં શ્યામજી કૃષ્ણ વર્માનગર રાખવામાં આવ્યું. ભારતીય ટપાલ વિભાગે તેમના માનમાં એક ટપાલ ટિકિટ અને પ્રથમ દિવસનું કવર બહાર પાડ્યાં હતાં અને કચ્છ યુનિવર્સિટીનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું હતું.

અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરનાર નીડર દેશભક્ત શ્યામજી કૃષ્ણ વર્માને કોટી કોટી વંદન.

**- સ્મિતા ધ્રુવ**

---



**ખુરશીદબેન નવરોજી**
(૧૮૯૪-૧૯૬૬)

મોટા ભાગના દેશોમાં ડાકુઓ અને અપહરણકારોને અહિંસાનો ઉપદેશ આપવા માટે ઉચ્ચ કક્ષાની ગાયિકા તરીકેની પોતાની કારકિર્દીનો ત્યાગ કરતી એક ઊંચ્ચ કુટુંબની અને સુસંસ્કૃત મહિલાનું જીવન સૌનું ધ્યાન જરૂર ખેંચે અને લોકો તેમના વિશે જાણવા માંગે. પરંતુ ભારતમાં આવી બહાદુર મહિલા, ખુરશીદબેન નવરોજીથી મોટા ભાગે સૌ અજાણ છે.

ખુરશીદબેન નવરોજીનો જન્મ ૧૮૯૪માં એક ઉચ્ચ પારસી પરિવારમાં થયો હતો. તેમના દાદા, દાદાભાઈ નવરોજી, ભારતના પ્રથમ રાષ્ટ્રવાદી નેતા અને બ્રિટિશ સંસદમાં સેવા આપનાર પ્રથમ ભારતીય હતા.

ખુરશીદબેન પોતાની યુવાનીમાં બોમ્બે (હવે મુંબઈ)ના સૌથી ધનાઢ્ય વિસ્તારમાં રહેતાં હતાં અને એક કુશળ ક્લાસિકલ સોપ્રાનો (ગાયિકા) બન્યા હતા. કુટુંબ અને મિત્રો તેમને 'બુલ' અથવા 'નાઈટિંગેલ' તરીકે ઓળખાવતા હતા.

૧૯૨૦ના દાયકાની શરૂઆતમાં તેઓ સંગીતનો અભ્યાસ કરવા માટે પેરિસ જઈ પહોંચ્યા. એક અન્ય વિદેશી મહિલા, ઈવા પામર સિકેલીનોસ સાથે તેમનો મેળાપ થયો જે ઘણો રસપ્રદ નીવડ્યો.

સિકેલીનોસ, ન્યુયોર્કના ધનિક કુટુંબમાંથી હતા અને એથેન્સમાં સ્થળાંતર થયા હતા, જ્યાં તેમણે ક્લાસિકલ ગ્રીક સંસ્કૃતિના પુનરુત્થાનના મુખ્ય

આર્કિટેક્ટ્સનો હગ ભજવ્યો હતો.

ગ્રીક અને ભારતીય સંગીત પરંપરાઓ વિશેની તેમની વાતચીતના પરિણામે એથેન્સમાં બિનપશ્ચિમી સંગીતની શાળાની સ્થાપના થઈ. ખુરશીદબેને પેરિસમાં શાસ્ત્રીય સંગીત છોડી દીધું અને ગ્રીસમાં ભારતીય સંગીતનો વિકાસ કર્યો, ભારતીય સાડી પહેરીને અને અનેક ભારતીય સંગીત સમારોહ યોજ્યા.

ત્યાર બાદ ટૂંક સમયમાં તેઓ ભારત પાછાં ફર્યાં અને ગુજરાતમાં ગાંધીજીના સાબરમતી આશ્રમમાં જોડાયાં, જ્યાં તેમણે ગાંધીજીને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓમાં મહિલાઓના સાથને વિસ્તૃત કરવા વિનંતી કરી. તેમના એક અખબારને કહેવા પ્રમાણે ગાંધીવાદી સક્રિયતા 'મહિલાઓની મહાન જાગૃતિ' માટે મંજૂરી આપતી હતી અને સ્ત્રીઓ 'તેમના આટલા શુભ કાર્યને બંધ કરશે નહિ'.

ખુરશીદબેન માટે, આ કાર્ય એકાએક અસામાન્ય સ્થાન પર ખસેડવામાં આવ્યું, તે હતું ભારતની  ઉત્તર-પશ્ચિમ સરહદ પ્રાંત (NWFP - જે હવે પાકિસ્તાનમાં છે અને ખૈબર પખ્તુનખ્વા કહેવાય છે). આ વિસ્તારમાં રહેતા લોકો અત્યંત રૂઢિચુસ્ત અને આદિવાસી કક્ષાના હતા અને ડાકુઓથી ઘેરાયેલો આ પ્રદેશ બોમ્બેના વાતાવરણથી જોજનો દૂર હતો. કદાચ આ પ્રત્યેની જિજ્ઞાસા જ ખુરશીદબેનને ત્યાં દોરી ગઈ.

ખુર્શીદબેને કેવી રીતે અને કયા સમયે સરહદની મુસાફરી કરી હતી તે બાબતે માહિતી મળતી નથી, પરંતુ ૧૯૩૦ના દાયકાની શરૂઆતમાં આ આધુનિક અને ભદ્ર પારસી મહિલા NWFP રાજકારણમાં પ્રખ્યાત બન્યા હતાં. તેમણે 'ફ્રન્ટીયર ગાંધી' ખાન અબ્દુલ ગફાર ખાન સાથે મિત્રતા કરી, જેમણે પખ્તુનોમાં અહિંસા અને દેશભક્તિની ચળવળનું નેતૃત્વ કર્યું હતું.

જ્યારે પણ ખુરશીદબેને સત્તાધીશોને નારાજ કર્યા હતા, ત્યારે તેઓ રાજીખુશીથી જેલવાસ ભોગવવા તૈયાર રહેતા. એક વખત પેશાવર (આજના પાકિસ્તાનમાં એક શહેર)ની જેલમાંથી તેમણે ગાંધીજીને લખ્યું કે 'મચ્છરે અને મેં એકબીજાને જાગતા રાખ્યા'.

ખુરશીદબેને NWFPમાં વધુ સમય વિતાવીને અત્યંત વિકટ રાજકીય પડકારને પૂરેપૂરો સમજ્યો.

ગાંધીજીએ તેમને હિન્દુ-મુસ્લિમ એકતા અને ઇન્ડિયન નેશનલ કોંગ્રેસને સમર્થન આપવા પ્રોત્સાહિત કર્યા હતા.

NWFP માં તેમના કોંગ્રેસના સાથીદારો, જે સઘળા બધા પુરુષો જ હતા, તે સૌ આ બાબતે નાખુશ હતા. તેમના વિરોધ છતાં ૧૯૪૦ના અંતમાં ખુરશીદબેને નિર્જન ગ્રામ્ય વિસ્તારોમાંથી પગપાળા લાંબા પ્રવાસો શરૂ કર્યા, સ્થાનિક લોકો સાથે મુલાકાતો કરી અને વાતચીત કરી. તેમણે ત્યાંની મહિલાઓને ડાકુની દુષ્ટતા વિશે સમજણ આપી તેમજ ડાકુઓની માતાઓ તથા પુત્રીઓને આ કાર્યનો વિરોધ કરવા પ્રેર્યાં

ડાકુઓ પોતાનાં રહેઠાણોમાં સીધાં જ આવી ગયેલા આવા સાહસિક મહિલાને જોઈ તેમની સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે વિશે મૂંઝવણમાં હતા.

ખુરશીદબેને એક પ્રસંગે ગાંધીજીને લગભગ ગોળી વાગીને મૃત્યુ પામવા વિશે પત્ર લખ્યો હતો. 'મારી નજીકની રેતીમાં ગોળીઓની રમઝટ બોલતી હતી,' તેમણે લખ્યું હતું.

થોડા જ સમયમાં, ખુરશીદબેનની મહેનતનાં નોંધપાત્ર પરિણામો જોવા મળ્યાં. ડિસેમ્બર-૧૯૪૦ સુધીમાં અપહરણમાં ઘટાડો થયો, અને સાંપ્રદાયિક સંવાદિતામાં ઘણો સુધારો પણ થયો. સ્થાનિક બ્રિટિશ સત્તાવાળાઓ પણ જે તેમને જેલમાં કેદ કરવા તત્પર રહેતા, હવે તેમની પ્રશંસા કરવા લાગ્યા.

કમનસીબે ખુરશીદબેન અપહરણકર્તાઓ સુધી પહોંચી ન શક્યાં. બ્રિટિશ સત્તાવાળાઓએ તેઓ વઝિરિસ્તાન સરહદ પાર કરે તે પહેલાં તેમની ધરપકડ કરી અને જેલમાં નાંખી દીધાં. તેમને ૧૯૪૪ સુધી એકથી બીજી જેલમાંથી મોકલવામાં આવ્યા. બોમ્બેની આ ભદ્ર સમાજની મહિલા બ્રિટિશરાજ માટે ખૂબ જ જોખમકારક ગણાઈ હતી.

આ ઘટના બાદ ખુરશીદબેન ક્યારેય NWFP પાછા ફર્યા નહીં. ઓગસ્ટ-૧૯૪૭માં વેદનાપૂર્વક તેમણે જોયું કે આ પ્રદેશ નવા ભારતથી દૂર થઈ ગયો હતો. થોડા મહિના પછી ગાંધીજી મૃત્યુ પામ્યા અને તેમને માર્ગનિર્દેશન કરવાવાળું કોઈ રહ્યું નહિ.

આ સમયગાળા પછી ખુરશીદબેનનાં જીવન વિશેની માહિતી લગભગ અદૃશ્ય થઈ જાય છે. ભારતની આઝાદી બાદ તેમણે વિવિધ સરકારી કમિશન માટે કામ કર્યું અને આશરે નિધન પહેલાં તેમણે ગાયકીની કારકિર્દી શરૂ કરવાનો પ્રયત્ન પણ કર્યો.

ખુરશીદબેનની વાર્તા અદ્વિતીય છે અને તેમના જેવી હજારો નોંધપાત્ર જીવનકથાઓ લોકો સુધી પહોંચ્યા વિના અધૂરી રહી ગઈ છે અને ક્યાંક ઐતિહાસિક રેકોર્ડ્સમાં ધીરજપૂર્વક વાર્તાકારની રાહ જોઈ રહી છે.

લોખંડી મનોબળવાળાં ખુરશીદબેનને કોટી કોટી વંદન !

**- સ્મિતા ધ્રુવ**



**ઝવેરચંદ મેઘાણી**
(૧૮૯૬-૧૯૪૭)

'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ,

સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ.'

ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા જતા હતા ત્યારે ઝવેચંદ મેઘાણીએ તેમને આ કાવ્યથી વિદાય આપી હતી.

ગુજરાતના લોકલાડીલા અને ખમીરવંતા કવિ-લેખક, જેમને ખુદ ગાંધીજીએ 'રાષ્ટ્રીય શાયર' નું બિરુદ આપ્યું હતું તેવા ઝવેરચંદ મેઘાણીને આજે આપણે એક દેશભક્ત તરીકે યાદ કરીએ. તેઓ ગુજરાતી સાહિત્યના પ્રખર કવિ, લેખક જ નહિ, પરંતુ સમાજ સુધારક અને સ્વાતંત્ર્ય સેનાની પણ હતા.

ઝવેરચંદ મેઘાણીનો જન્મ ગુજરાતના ચોટીલામાં કાલિદાસ અને ધોલીમા મેઘાણીના ત્યાં થયો હતો. તેમના પિતા કાલિદાસ પોલીસ દળમાં કામ કરતા હતા અને તેથી અવારનવાર તેમની બદલી નવી જગ્યાઓએ થતી રહેતી હતી. આથી ઝવેરચંદનું મોટા ભાગનું શિક્ષણ રાજકોટમાં જ થયું હતું. તેમને બે ભાઈઓ લાલચંદ અને પ્રભાશંકર હતા. તેમનાં લગ્ન ૨૪ વર્ષની ઉંમરે દમયંતી નામની મહિલા સાથે થયાં હતા. ટૂંક સમયમાં તેમનાં પત્નીના અવસાન બાદ તેમણે ૩૬ વર્ષની ઉંમરે ચિત્રાદેવી સાથે લગ્ન કર્યાં હતાં. તેમને ૯ બાળકો હતાં, જેમાંથી ૩ દીકરીઓ-ઈન્દુ, પદ્મલા અને મુરલી તથા ૬ દીકરાઓ મહેન્દ્ર, મસ્તાન, નાનક, વિનોદ, જયંત અને અશોક નામે હતા.

તેઓ સાદું અને શાંત જીવન જીવતા હતા. તેમની સાદગીના કારણે કોલેજના સાથીઓ તેમને રાજા જનક કહેતા હતા. ઝવેરચંદ સામાન્ય રીતે સફેદ લાંબો કોટ, ધોતીયું પહેરતા અને માથે પાઘડી બાંધેલી રહેતી. તેમણે ૧૯૧૨માં તેમનું મેટ્રિક પૂરું કર્યું અને ૧૯૧૭માં બી.એ. પૂર્ણ કરીને કલકત્તામાં તેમની કારકિર્દીની શરૂઆત કરી. ૧૯૧૮માં વ્યક્તિગત સહાયક તરીકે જીવણલાલ એન્ડ કંપનીમાં જોડાયા. તેમના સાથીદારો અને કામદારો તેમને પ્રેમથી પગડી બાબુ તરીકે બોલાવતા.

ટૂંક સમયમાં તેમને ક્રાઉન એલ્યુમિનિયમની બેલૂર ખાતેની કંપનીની ફેક્ટરીના મેનેજર તરીકે બઢતી આપવામાં આવી. આ દરમિયાન ૧૯૧૯માં તેઓ ચાર મહિનાના પ્રવાસ માટે ઈંગ્લેન્ડ ગયા હતા. ભારત પાછા આવ્યા પછી, તેમણે અઢી વર્ષ સુધી કોલકતામાં કામ કરવાનું ચાલુ રાખ્યું. ત્યાર બાદ તેઓ સૌરાષ્ટ્ર પાછા ફર્યા અને ૧૯૨૨માં રાજકોટ ખાતે સાપ્તાહિક સૌરાષ્ટ્રના તંત્રીમંડળમાં જોડાયા.

૧૯૩૦માં, તેમને 'સિંધુડો' પુસ્તક લખવા બદલ ૨ વર્ષની જેલની સજા કરવામાં આવી હતી. આ પુસ્તકમાં બ્રિટિશરાજ સામે સ્વતંત્રતાની લડતમાં ભાગ લઈ રહેલા ભારતના યુવાનોને પ્રેરણા આપતાં ગીતો હતાં. આ સમય દરમિયાન જ તેમણે ગોળમેજી પરિષદ માટે ગાંધીજીની લંડન મુલાકાત પર આધારિત કાવ્ય ત્રિપુટી લખી હતી. આ સમયગાળામાં જ તેમણે સ્વતંત્ર રીતે ટૂંકી વાર્તાઓ લખવાનું પણ શરૂ કર્યું અને 'ફૂલછાબ' સામયિકના સંપાદક તરીકે કાર્ય ઉપાડી લીધું.

તેમનું લેખનકાર્ય અગાધ સાગર સમાન રહ્યું છે. તેમણે ૧૦૦થી વધુ પુસ્તકો લખ્યા છે. તેમનું પ્રથમ પુસ્તક રવીન્દ્રનાથ ટાગોરની કથા-ઉ-કહાની નામની કુરબાનીની કથા (શહીદની વાર્તાઓ)નું ભાષાંતર કાર્ય હતું, જે સૌપ્રથમ ૧૯૨૨માં પ્રકાશિત થયું હતું. તેમણે ગુજરાતી લોકસાહિત્યમાં વ્યાપક યોગદાન આપ્યું છે. તેઓ લોક-કથાઓની શોધમાં ગામડે-ગામડે ગયા અને તેમને સૌરાષ્ટ્રની રસધારના વિવિધ ગ્રંથમાં પ્રકાશિત કર્યા.

આ ઉપરાંત ૧૯૨૬માં બાળકોના કવિતાસંગ્રહ 'વેણીનાં ફૂલ' લખ્યો હતો. જન્મભૂમિમાં કલમ અને કિતાબ કૉલમ હેઠળ. તેમણે પોતાની સ્વતંત્ર નવલકથાઓ દ્વારા વિવેચક તરીકે પ્રતિષ્ઠા સ્થાપિત કરી. ૧૯૩૬માં તેઓ 'ફૂલછાબ'ના સંપાદક બન્યા. ૧૯૪૨માં, તેમણે તેમના પુસ્તક મારેલા ના રૂધિર સાથે પ્રકાશનનું સાહસ કર્યું. ૧૯૪૫માં, 'ફૂલછાબ'માંથી નિવૃત્ત થયા પછી તેમણે વ્યક્તિગત લેખન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ૧૯૪૬માં તેમના પુસ્તક માણસાઈના દિવાને મહિડા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તે જ વર્ષે તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના વડા તરીકે ચૂંટાયા. ૧૯૨૯માં, તેમણે જ્ઞાન પ્રસારક મંડળી માટે ૬ પ્રવચનો આપ્યા. રવિન્દ્રનાથ ટાગોર સાથેના તેમના લાંબા જોડાણના કારણે તેમણે શાંતિનિકેતનમાં પ્રવચન પણ આપ્યું હતું. લોકગીતમાં તેમના નોંધપાત્ર યોગદાનના કારણે મેઘાણીને માનભટ્ટ કવિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

તેમનો ૯ માર્ચ, ૧૯૬૬ના રોજ હૃદય હુમલાના કારણે દેહવિલય થયો.

ચોટીલામાં સરકારી કોલેજનું નામ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી કોલેજ, ચોટીલા રાખવામાં આવ્યું છે.

આવા મહાન દેશભક્ત, ખમીરવંતા ગુજરાતી રાષ્ટ્રીય શાયરને કોટી કોટી વંદન!

**- સ્મિતા ધ્રુવ**

*With Best Compliments from*

# THE BHAVNAGAR SALT AND INDUSTRIAL WORKS PVT. LTD.

**Manufacturers of Quality Grade Industrial Salt**

Grow More Tree
Save The Globe from Warming

**OFFICE**

Plot No. 1517, Ghogha Circle, BHAVNAGAR-364001
Tele. No. 2565114 / 2560573, Fax No. 0278-2566403
E-mail : info@bhavnagarsalt.com
Bhavnagarsalt@bhavnagarsalt.com bhavsaltad1@sancharnet.in



**મેડમ ભીખાઈજી કામા**

“જે ગુમાવે સ્વાધીનતા, તે તેની સમૃદ્ધિ યે,
ને સ્મરજો બરાબર, દમનશાહીનો પ્રતિકાર,
એ જ છે ઈશ્વરીય આજ્ઞાને અર્પણ !”

મૃત્યુ પહેલાં સ્વાતંત્ર્યલક્ષ્મી મેડમ ભીખાઈજી રુસ્તમ કામાએ આ સંદેશો દેશવાસીઓને આપ્યો હતો. ભારતની આઝાદીની લડતમાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરનાર દેશભક્તો તથા ક્રાંતિવીરોનાં નામમાં સ્ત્રીશક્તિનું આગવું યોગદાન છે. ઝાંસીની રાણી, વીર લક્ષ્મીબાઈ સાથે મેડમ ભીખાઈજી રુસ્તમ કામાનું નામ પણ આદરપૂર્વક લેવામાં આવે છે.

તેમનો જન્મ ઈ.સ. ૧૮૬૧માં મુંબઈના સુખી પારસી કુટુંબમાં થયો હતો. સમય જતાં તેમનાં લગ્ન ધનાઢ્ય કુટુંબમાં થયાં, પરંતુ તેઓનું વલણ અંગ્રેજો તરફી હોવાના કારણે ભીખાઈજીને તે રુચતું નહિ. દુઃખી લગ્નજીવનના કારણે તેઓ લોકસેવા તરફ વળ્યા. ૧૮૯૬માં દુકાળ પડવાના કારણે તથા મુંબઈ પ્રેસિડેન્સીમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો ત્યારે ભીખાઈજી પ્લેગના રોગીઓની સેવા કરવા લાગ્યા, જે દરમિયાન તેમની તબિયત લથડી અને ઉપચાર માટે તેઓ ૧૯૦૧માં લંડન ગયાં, ૧૯૦૮માં લંડનથી પાછા ફરવાના સમયે જ તેમનો મેળાપ શ્યામજી કૃષ્ણ વર્મા, દાદાભાઈ નવરોજી, વીર સાવરકર વગેરે દેશભક્તો સાથે થયો. ભીખાઈજી દાદાભાઈ નવરોજીના સેક્રેટરી તરીકે કામ કરવા લાગ્યાં. શ્યામજી કૃષ્ણ વર્માની ‘ઇન્ડિયન હોરુલ સોસાયટી’ બનાવવામાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો. આ ઉપરાંત તેમની સાથે મળીને તેઓ વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યાં.

ભારતની આઝાદી માટે યુરોપમાં લડતાં ભીખાઈજી અંગ્રેજોની દમનશાહીનો ભોગ બન્યાં. તેમને સ્વદેશ આવવા માટે અંગ્રેજ સરકારે એ શરત મૂકી કે ભીખાઈજી દેશની આઝાદી માટેની પ્રવૃત્તિઓ છોડી દે. ભીખાઈજીને આ માન્ય ન હતું. તેઓ ઇંગ્લેન્ડ છોડીને પેરિસ ચાલ્યાં ગયાં, જ્યાં તેમણે ‘પેરિસ ઇન્ડિયન સોસાયટી’ની સ્થાપના કરી અને ‘વંદે માતરમ્’ તથા ‘મદનસ તલવાર’ માં લખવાનું શરૂ કર્યું

‘ઇન્ટરનેશનલ સોશિયાલિસ્ટ કોન્ફરન્સ’, સ્ટુટગાર્ટ જર્મનીમાં ૨૨ ઓગસ્ટ, ૧૯૦૭ને દિવસે ભીખાઈજીએ આઝાદ ભારત નો ધ્વજ જાહેર કરી અને ફરકાવ્યો હતો.

૧૯૧૦માં અંગ્રેજ સરકાર દ્વારા વીર સાવરકરની ધરપકડ થઈ અને તેમને કાળા પાણીની સજા થઈ. કડીઓ મેળવતાં ભીખાઈજી સાવરકરને મદદ કરતાં હોવાના પુરાવાઓ મળ્યા. ફ્રાન્સે અંગ્રેજ સરકારને ભીખાઈજીને દેશવટો આપવા ઇનકાર કરતાં તેમની તમામ મિલકત જપ્ત કરવામાં આવી.

૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થતાં ઇંગ્લેન્ડ અને ફ્રાન્સ મિત્રો બની ગયાં, જેના પરિણામસ્વરૂપે ભીખાઈજીની ધરપકડ કરવામાં આવી અને ફ્રાન્સમાં ત્રણ વર્ષ માટે નજરકેદ કરવામાં આવ્યાં.

**- સ્મિતા ધ્રુવ**

---



**મણિબેન પટેલ**
(૧૯૦૩-૧૯૯૦)

મણિબેન પટેલને આપણે લોખંડી પુરુષ શ્રી વલ્લભભાઈ પટેલનાં સુપુત્રી તરીકે જ જાણીએ છીએ પરંતુ, તેમનું યોગદાન ભારતીય સ્વતંત્રતા ચળવળના મોખરાનાં કાર્યકર તરીકે આગવું હતું, તથા સ્વતંત્ર ભારતીય સંસદનાં સભ્ય હતાં.

મણિબેનનો જન્મ ૩ એપ્રિલ, ૧૯૦૩ના રોજ કરમસદ, બોમ્બે પ્રેસિડેન્સી, બ્રિટિશ ઈન્ડિયા ખાતે થયો હતો. જ્યારે તેઓ ૬ વર્ષનાં હતાં ત્યારે તેમણે પોતાનાં માતા ગુમાવ્યાં હતાં. તેમનો ઉછેર તેમના કાકા વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા થયો હતો. મણિબેને પ્રારંભિક શિક્ષણ બોમ્બેની ક્વીન મેરી હાઈસ્કૂલમાં પૂર્ણ કર્યું. તેઓ મુંબઈમાં ભણેલા ૧૯૧૮માં મહાત્મા ગાંધીના ઉપદેશોને અપનાવ્યા અને અમદાવાદમાં તેમના આશ્રમમાં નિયમિતપણે કામ કરવાનું શરૂ કર્યું.

૧૯૨૦માં તેઓ અમદાવાદ આવ્યાં અને મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય વિદ્યાપીઠની યુનિવર્સિટીમાં ભણીને ૧૯૨૫માં સ્નાતક થયાં. ત્યાર બાદ તેઓ પોતાના પ્રભાવશાળી પિતાને મદદ કરવા માટે દેશભક્તિના કાર્યમાં જોડાઈ ગયાં.

૧૯૨૩-૨૪માં બ્રિટિશ સરકારે જ્યારે આમ જનતા ઉપર ભારે કર લાદ્યો અને તેની વસૂલાત માટે તેઓએ તેમનાં ઢોર-જમીન અને મિલકત જપ્ત કરવાનું શરૂ કર્યું, ત્યારે આ જુલમનો વિરોધ કરવા માટે મણિબેને મહિલાઓને ગાંધી અને સરદાર પટેલની આગેવાની હેઠળની ઝુંબેશમાં જોડાવા અને નો-ટેક્સ ચળવળને ટેકો આપવા માટે પ્રેરિત કર્યું.

૧૯૨૮માં બારડોલીના ખેડૂતો પર બ્રિટિશ સત્તાવાળાઓએ જુલમી કરવેરા વસૂલ કરવાનો આદેશ કર્યો હતો અને તેઓએ બોરસદના ખેડૂતો જેવી જ હેરાનગતિ સહન કરી હતી. તે સમયે મહાત્મા ગાંધીએ સરદાર વલ્લભભાઈ પટેલને સત્યાગ્રહનું નેતૃત્વ લેવા નિર્દેશ આપ્યો હતો. શરૂઆતમાં મહિલાઓ ચળવળમાં જોડાવા માટે અચકાતી હતી પરંતુ મણિબેન, મિથુબેન પેટિટ અને ભક્તિબા દેસાઈએ સાથે મળીને આંદોલનમાં પુરુષો કરતાં વધુ સ્ત્રીઓને ભાગ લેવા એકઠી કરી હતી. વિરોધના પ્રતીકરૂપે તેઓ સરકાર દ્વારા જપ્ત કરાયેલી જમીન પર ઝૂંપડી બાંધીને રોકાયા હતાં.

૧૯૩૮ દરમિયાન રાજકોટ રાજ્યના દીવાનના અન્યાયી શાસન સામે સત્યાગ્રહનું આયોજન કરવામાં આવ્યું હતું. કસ્તૂરબા ગાંધી પોતાની નાદુરસ્ત તબિયત છતાં સત્યાગ્રહમાં જોડાવા આતુર હતા અને મણિબેન તેમની સાથે હતાં. સરકારે બંને મહિલાઓને અલગ કરવાનો આદેશ પસાર કર્યો એ ત્યારે મણિબેને આ આદેશ સામે ભૂખ હડતાળ કરી હતી અને સત્તાવાળાઓ તેમને કસ્તૂરબા ગાંધી સાથે ફરી જોડાવાની મંજૂરી આપવી પડી હતી.

મણિબેને અસહકાર ચળવળ તેમજ મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો હતો અને લાંબા સમય સુધી જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૩૦ના દાયકામાં વલ્લભભાઈના કાર્યમાં સહાયક બન્યાં હતાં, સાથે જ તેમની અંગત જરૂરિયાતોની પણ સંભાળ લેતાં હતાં.

મણિબેન પટેલ ભારતની આઝાદી માટે પ્રતિબદ્ધ હતાં. 'હિન્દ છોડો' આંદોલન બદલ તેમને ફરી યરવડા સેન્ટ્રલ જેલમાં ૧૯૪૨થી ૧૯૪૫ સુધી કેદ કરવામાં આવ્યાં હતાં. મણિબેને વલ્લભભાઈના ૧૯૫૦માં થયેલા મૃત્યુ સુધી અથાગ સેવા કરી હતી.

મુંબઈ ગયા પછી મણિબેને તેમનું બાકીનું જીવન અગણિત સેવાભાવી સંસ્થાઓ અને સરદાર પટેલ મેમોરિયલ ટ્રસ્ટ માટે સમર્પિત કર્યું. તેમણે ભારતીય આઝાદી પછીના વર્ષોમાં પોતાના મહાન પિતાના જીવન પર એક પુસ્તક તરીકે સ્વતંત્રતાસંગ્રામનો અહેવાલ લખ્યો હતો.

મણિબેન સાદગીનાં પ્રતીક સમાન હતાં. તેઓ હંમેશાં સુનિશ્ચિત કરતાં કે પોતાના તથા પોતાના  પિતાના કપડાં જાતે કાંતેલી ખાદીના દોરાથી વણાયેલાં હતાં એટલું જ નહિ, તેઓ  હંમેશાં ત્રીજા વર્ગમાં મુસાફરી કરવાનો આગ્રહ રાખતાં હતાં

આઝાદી પછીના અરસામાં મણિબેન એક પ્રખર કોંગ્રેસી તરીકે કાર્યરત રહ્યાં. ૧૯૫૨થી માંડીને ૧૯૯૦માં તેમના નિધન સુધી કેટલીય ચૂંટણીઓ લડ્યાં અને જીત્યા, તેમજ ૧૯૬૪થી ૧૯૭૦ સુધી રાજ્યસભાનાં મેમ્બર પણ નિમાયા. પરંતુ, અત્યંત દુઃખની વાત કહી શકાય કે સરદાર પટેલનાં પુત્રીને છાજે તેવી અગત્યતા મણિબેનને અપાઈ નહિ.

મણિબેને ૧૯૯૦માં તેમના મૃત્યુ પહેલાં ગૂજરાત વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગર, બારડોલી સ્વરાજ આશ્રમ અને નવજીવન ટ્રસ્ટ સહિતની ઘણી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવામાં મદદ કરી હતી તેમજ સંકળાયેલાં રહ્યાં હતાં.

૨૦૧૧માં સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ ટ્રસ્ટે નવજીવન પબ્લિકેશન્સ સાથે મળીને તેમની ગુજરાતી ડાયરી પ્રકાશિત કરી હતી.

આવાં સ્વભિમાની, સરળ અને દેશભક્ત સમાજસેવિકા મણિબેનને કોટી કોટી વંદન !

**- સ્મિતા ધ્રુવ**

---



**મહાદેવભાઈ દેસાઈ**
(૧૮૯૨ - ૧૯૪૨)

મહાદેવભાઈ દેસાઈ એક ભારતીય સ્વતંત્રતા માટેના કાર્યકર્તા, વિદ્વાન અને લેખક હતા, જેમને મહાત્મા ગાંધીના અંગત સચિવ તરીકે વિશેષ યાદ કરવામાં આવે છે. તેમને  'ગાંધીના  બોસવેલ, ગાંધી-સોક્રેટીસના પ્લેટો તેમજ ગાંધી-બુદ્ધના આનંદ' તરીકે સરખાવવામાં આવે છે.

મહાદેવભાઈ દેસાઈનો જન્મ એક અનાવિલ બ્રાહ્મણ પરિવારમાં ૧જાન્યુઆરી, ૧૮૯૨ના રોજ ગુજરાતના સુરત જિલ્લામાં શાળાના શિક્ષક હરિભાઈ દેસાઈ અને માતા જમનાબહેનને ત્યાં થયો હતો. તેઓ માત્ર સાત વર્ષના હતા ત્યારે માતાનું અવસાન થયું. ત્યાર બાદ, ૧૯૦૫ માં ૧૩ વર્ષની ઉંમરે મહાદેવનાં લગ્ન દુર્ગાબહેન સાથે થયાં હતાં. તેમનું શિક્ષણ સુરત હાઈસ્કૂલ અને એલ્ફિન્સ્ટન કોલેજ, મુંબઈમાં થયું હતું, જ્યાં તેઓ બી.એ.ની ડિગ્રી સાથે સ્નાતક થયા અને ૧૯૧૩માં એલએલબી ની પદવી મેળવ્યા પછી બોમ્બેની કેન્દ્રીય સહકારી બેંકમાં નિરીક્ષક તરીકે નોકરી લીધી.

મહાદેવભાઈ પ્રથમ વખત ૧૯૧૫માં ગાંધીજીને મળ્યા હતા. તે સમયે તેઓ પોતાનું પુસ્તક (John Morley ના અંગ્રેજી પુસ્તક 'On Compromise' નું ગુજરાતી ભાષાંતર) કઈ શ્રેષ્ઠ રીતે પ્રકાશિત કરવું તેની સલાહ લેવા મળવા ગયા હતા. મહાદેવભાઈ ૧૯૧૭માં ગાંધીજીના આશ્રમમાં જોડાયા અને તે જ વર્ષે દુર્ગાબહેનને લઈને ગાંધીજી સાથે ચંપારણ્ય ગયા. તેમણે ૧૩મી નવેમ્બર, ૧૯૧૭થી ૧૪ ઓગસ્ટ, ૧૯૪૨ સુધી સળંગ એક ડાયરી જાળવવાનું અદભુત કાર્ય કર્યું હતું, જેમાં ગાંધીજી સાથેના તેમના જીવનનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૧૯૧૯માં જ્યારે બ્રિટિશ સરકારે પંજાબમાં ગાંધીજીની ધરપકડ કરી ત્યારે તેમણે મહાદેવભાઈનું નામ પોતાના વારસદાર તરીકે આપ્યું હતું.

તેઓ ૨૫ વર્ષ સુધી લાગલગાટ ગાંધીજીના અંગત સચિવ હતા, પરંતુ Verrier Elwin ના કહેવા મુજબ, 'તેઓ તેના કરતાં ઘણું વધારે હતા. તેઓ હકીકતમાં ગાંધીજીના ગૃહ અને વિદેશ સચિવ બંને હતા. તેમણે બધું જ મેનેજ કર્યું. તેમણે બધી વ્યવસ્થા કરી. તેઓ ઓફિસ, ગેસ્ટ-હાઉસ અને રસોડામાં સમાન રીતે ગોઠવાઈ જતા. તેમણે ઘણા મહેમાનોની સંભાળ રાખી અને ગાંધીજીના જીવનનાં ૧૦ વર્ષ અનિચ્છનીય મુલાકાતીઓને રોકીને બચાવ્યા હશે. રાજમોહન ગાંધી મહાદેવભાઈ વિશે લખે છેઃ 'પરોઢના અંધકારમાં ગાંધીજી પહેલા તેઓ જાગતા, અને તેમના ઊંઘવાના ઘણા સમય પછી સૂઈ જતા. મહાદેવભાઈ ગાંધીજી ના દિવસને ત્રણ ગણું જીવતા-પ્રથમ તેમની અપેક્ષા રાખવાના પ્રયાસમાં, પછી ગાંધીજીની સાથે સમય ગાળવામાં અને અંતે તેમને વિશે ડાયરીમાં રેકોર્ડ કરીને'.

૧૯૨૦ માં મોતીલાલ નેહરુએ અલ્હાબાદથી તેમનું અખબાર, 'The Independent' ચલાવવા માટે ગાંધીજી પાસેથી મહાદેવ દેસાઈની મદદ માંગી. જયાં બ્રિટિશ સરકારે જ્યારે પ્રેસને જપ્ત કરી ત્યારે મહાદેવભાઈએ હાથથી લખેલું સાઈક્લોસ્ટાઈલ અખબાર બહાર પાડીને સનસનાટી મચાવી હતી. દેસાઈને ૧૯૨૧માં તેમનાં લખાણો માટે એક વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી - જેલમાં આ તેમનો પ્રથમ કાર્યકાળ હતો. જેલમાં મહાદેવભાઈએ જોયું કે જેલના સત્તાવાળાઓ કેદીઓ સાથે દુર્વ્યવહાર કરતા હતા અને તેમને વારંવાર કોરડા મારતા હતા.

'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન'માં તેમણે ભારતીય જેલની અંદરના જીવનનું વર્ણન કરતો અહેવાલ લખ્યો ત્યારે બ્રિટિશ સત્તાવાળાઓની જેલ સુધારણાનાં કેટલાંક કડક પગલાં લેવાં પડ્યાં. મહાદેવભાઈ દેસાઈએ ૧૯૨૪માં 'નવજીવન'ના સંપાદક તરીકેનો કાર્યભાર સંભાળ્યો અને ૧૯૨૫થી તેમણે ગાંધીજીની આત્મકથાનો અંગ્રેજીમાં અનુવાદ અને 'યંગ ઈન્ડિયા'માં તેના સીરીયલ પ્રકાશનની શરૂઆત કરી. તે પછીના વર્ષે તેઓ સત્યાગ્રહ આશ્રમની કાર્યકારી સમિતિના અધ્યક્ષ બન્યા અને 'નવજીવન'માં તેમના લેખ માટે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પુરસ્કાર મેળવ્યો. તેમણે સરદાર પટેલ સાથે બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો અને ગુજરાતીમાં સત્યાગ્રહનો ઈતિહાસ લખ્યો જેનો તેમણે 'ધ સ્ટોરી ઓફ બારડોલી' તરીકે અંગ્રેજીમાં અનુવાદ કર્યો. જ્યારે બાદમાં King George the Fifth સાથે મુલાકાત થઈ ત્યારે તેઓ ગાંધીજી તે પછી સાથે જનાર એકમાત્ર વ્યક્તિ હતા.

મહાદેવ દેસાઈ એક ઉત્કૃષ્ટ લેખક હતા તેઓ ગુજરાતી, બંગાળી અને અંગ્રેજી ભાષામાં સરળતા ધરાવતા હતા. તેમને ગુજરાતીમાં અનુવાદક અને લેખક તરીકે ખૂબ જ ઓળખવામાં આવે છે. તેમણે અંત્યજ સાધુ નંદ (૧૯૨૫), સંત ફ્રાન્સિસ (૧૯૩૬) વીર વલ્લભભાઈ (૧૯૨૮) અને બી ખુદાઈ ખિદમતગાર (૧૯૩૬) જે ખાન અબ્દુલ ગફાર ખાન અને તેમના ભાઈ ખાન અબ્દુલ જબ્બાર ખાનનું જીવનચરિત્ર હતું. મહાદેવભાઈને બેલગામ જેલમાં જ્યારે નજરકેદ કરવામાં આવ્યા ત્યારે જેલમાં આ સમય દરમિયાન જ ગાંધી અનુસાર તેમણે ગીતા લખી હતી, જે ૧૯૪૬માં મરણોત્તર પ્રકાશિત થઈ હતી

મહાદેવભાઈ દેસાઈની અંતિમ જેલની મુદત ૮ ઓગસ્ટ, ૧૯૪૨ના 'ભારત છોડો' ઘોષણા બાદ કરવામાં આવી હતી. ૯ ઓગસ્ટ ૧૯૪૨ની સવારે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને છ દિવસ પછી જંગી હૃદયરોગના હુમલાથી આગા ખાન પેલેસમાં તેમનું ૫૦ વર્ષની વયે મૃત્યુ થયું હતું. તે સમયે ગાંધીજી તેમની સાથે જ હતા.

જ્યારે મહાદેવભાઈનો શ્વાસ અટકી ગયો ત્યારે ગાંધીજીએ 'મહાદેવ, મહાદેવ!' કરીને બૂમ પડી અને પૂછતાં જણાવ્યું કે મને લાગ્યું કે જો મહાદેવ તેની આંખો ખોલીને મારી તરફ જોશે તો હું તેને ઊઠવા માટે કહીશ. તેણે તેના જીવનમાં ક્યારેય મારી અવહેલના કરી નથી. મને વિશ્વાસ હતો કે જો તેણે આ શબ્દો સાંભળ્યા હોત તો તે મૃત્યુને પણ અવગણ્યો હોત અને ઊઠ્યો હોત.'

ગાંધીજીએ પોતે દેસાઈના મૃતદેહને નવડાવ્યો હતો અને આગા ખાન પેલેસના મેદાનમાં તેમનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો, જ્યાં આજે તેમની સમાધિ આવેલી છે.

ભારતની આઝાદીના મૂકસેવક મહાદેવભાઈ દેસાઈને કોટી કોટી વંદન !

**- સ્મિતા ધ્રુવ**

## નેતાજી સુભાષચંદ્ર બોઝ - ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે



**સુભાષચંદ્ર બોઝ**

ભારતની આઝાદીના ઇતિહાસમાં અનેક વીરો અને દેશભક્તોનો ઉલ્લેખ થાય છે, પરંતુ એમાં સૌથી અનેરી છાપ પાડનાર નામ છે, નેતાજી સુભાષચંદ્ર બોઝનું. આ વર્ષે આપણે નેતાજી સુભાષબાબુની ૧૨૫મી જન્મજયંતી ઊજવી રહ્યા છીએ.

સુભાષચંદ્ર બોઝ ધરણીને ધ્રુજાવનાર અગ્રણી ભારતીય ક્રાંતિકારી અને બ્રિટિશ શાસન સામે સ્વતંત્રતા ચળવળનો ભેખ લેનાર લોકલાડીલા નેતા હતા. સુભાષબાબુ સ્વતંત્રતા માટેના લડાયક અભિગમ અને સમાજવાદી નીતિઓ માટેના તેમના આગ્રહ માટે જાણીતા હતા.

શ્રીમંત અને પ્રખ્યાત બંગાળી વકીલના પુત્ર, સુભાષચંદ્ર બોઝનો જન્મ ૧૮૯૭માં ઓરિસ્સામાં થયો હતો. શાળાનું ભણતર પૂરું કર્યા બાદ તેમણે પ્રેસિડેન્સી કોલેજ, કલકત્તા (કોલકતા)માં અભ્યાસ કર્યો હતો. તેમને રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ માટે ૧૯૧૬માં કાઢી મૂકવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેઓ સ્કોટિશ ચર્ચ કોલેજથી સ્નાતક થયા હતા. તેમના માતા-પિતાએ ઈન્ડિયન સિવિલ સર્વિસની તૈયારી કરવા સુભાષબાબુને ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં મોકલ્યા હતા. ૧૯૨૦ માં તેમણે સિવિલ સર્વિસની પરીક્ષા તો પાસ કરી, પરંતુ ભારતમાં રાષ્ટ્રવાદી અશાંતિ વિશે સાંભળ્યા પછી એપ્રિલ-૧૯૨૧માં તેમણે ઉમેદવારીમાંથી રાજીનામું આપ્યું અને ભારત પરત આવી ગયા.

સુભાષબાબુ ગાંધીજીના સમકાલીન હતા, જેમની સાથે ક્યારેક સાથી અને અન્ય સમયે વિરોધી એવો તેમનો નાતો હતો. ગાંધીજી સાથે અસહકારની ચળવળમાં શરૂઆતમાં સાથે રહ્યા બાદ, સુભાષબાબુએ ગાંધીજીના કહેવાથી સી.આર. દાસની નીચે કામ કર્યું અને શરૂઆતમાં બંગાળના કોંગ્રેસ વોલન્ટિયરનું નેતૃત્વ સાંભળ્યું. અનેક રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓના કારણે ૧૯૨૧થી ૧૯૨૪ દરમ્યાન જેલવાસ ભોગવ્યો. ૧૯૨૭માં છૂટ્યા. ત્યાર બાદ સુભાષચંદ્ર ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ભાગરૂપ બની ગયા. અનેક વાર જેલવાસ ભોગવ્યા પછી તેમને ટ્યૂબરક્યુલોસિસ થવાથી તેઓ યુરોપ ચાલ્યા ગયા અને ૧૯૩૬માં પરત ફર્યા. આ અરસામાં સુભાષચંદ્ર બોઝ ગાંધીજીના રૂઢિચુસ્ત અર્થશાસ્ત્ર તેમજ સ્વતંત્રતા તરફના તેમના ઓછા સંઘર્ષાત્મક અભિગમની વધુ ને વધુ ટીકા કરતા થયા. ૧૯૩૮માં તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા અને રાષ્ટ્રીય આયોજન સમિતિની રચના કરી, જેણે વ્યાપક ઔદ્યોગિકીકરણની નીતિ ઘડી જોકે આ ગાંધીવાદી આર્થિક વિચાર સાથે સુસંગત ન હતું, જે માત્ર કુટીર ઉદ્યોગોને સમર્થન આપતા હતા અને દેશનાં પોતાનાં સંસાધનોના ઉપયોગનો વિચાર કરતા હતા.

સુભાષબાબુએ ૧૯૩૯ની ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની ચૂંટણીમાં ગાંધીવાદી હરીફને હરાવ્યા. તેમ છતાં ગાંધીજીના સમર્થનના અભાવના કારણે તેમણે રાજીનામું આપવું પડ્યું. તેમણે કટ્ટરપંથી તત્ત્વોને એકત્ર કરીને ફોરવર્ડ બ્લોકની સ્થાપના કરી હતી, પરંતુ જુલાઈ-૧૯૪૦માં તેમને ફરી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. ભારતના ઈતિહાસના આ નિર્ણાયક સમયગાળામાં જેલમાં રહેવાનો ઈનકાર કરતાં તેઓ આમરણાંત ઉપવાસ ઉપર ઉતરી ગયા, જેથી બ્રિટિશ સરકારે તેમને નાછૂટકે મુક્ત કરવા પડ્યા હતા. સુભાષબાબુને સતત નજરકેદ રાખ્યા હોવા છતાં, ૨૬ જાન્યુઆરી, ૧૯૪૧ના રોજ તેઓ વેશપલટો કરીને પોતાના કલકત્તાના નિવાસસ્થાનમાંથી ભાગી નીકળ્યા અને કાબુલ તથા મોસ્કો થઈને આખરે એપ્રિલમાં જર્મની પહોંચ્યા.

સુભાષચંદ્ર બોઝ અને અન્ય ભારતીયો જેઓ બર્લિનમાં ભેગા થયા હતા તેમણે જાન્યુઆરી-૧૯૪૨માં જર્મની દ્વારા પ્રાયોજિત આઝાદ હિંદ રેડિયો પરથી અંગ્રેજી, હિન્દી, બંગાળી, તામિલ, તેલુગુ, ગુજરાતી અને પશ્તોમાં નિયમિત પ્રસારણ રજૂ કરવાનાં શરૂ કર્યાં.

દક્ષિણ-પૂર્વ એશિયા પર જાપાનના આક્રમણના લગભગ એક વર્ષ પછી બોઝ જર્મની છોડીને જર્મન અને જાપાનીઝ સબમરીન અને વિમાનમાં મુસાફરી કરીને મે-૧૯૪૩માં ટોકિયો પહોંચ્યા. ૪ જુલાઈના રોજ તેમણે પૂર્વ એશિયામાં ભારતીય સ્વતંત્રતા ચળવળનું નેતૃત્વ સંભાળ્યું અને જાપાનની મદદથી દક્ષિણ પૂર્વ એશિયામાં લગભગ ૪૦,૦૦૦ સૈનિકોની પ્રશિક્ષિત સેના બનાવી. ૨૧ ઓક્ટોબર, ૧૯૪૩ના રોજ તેમણે સ્વતંત્ર ભારત સરકારની સ્થાપનાની ઘોષણા કરી, અંગ્રેજ સત્તાને પડકારતાં, જાપાની સૈનિકો સાથે મળીને ભારતીય રાષ્ટ્રીય સેના (આઝાદ હિંદ ફોજ) ના સૈનિકો રંગૂન તરફ આગળ વધ્યા અને ત્યાંથી ૧૮ માર્ચ, ૧૯૪૪ ના રોજ કોહિમા અને ઈમ્ફાલના મેદાનોમાં પહોંચ્યા.

અંતિમ તબક્કામાં નિરાશાજનક રીતે જાપાનીઝ સહાય પાછી ખેંચાતાં સુભાષબાબુનો આ પ્રયાસ નિષ્ફળ નીવડ્યો અને આઝાદ હિન્દ ફોજને બ્રિટિશ સૈન્યએ બંદી બનાવી દીધી. ત્યાર બાદ કમનસીબ ઘટનાઓનો સિલસિલો ચાલ્યો અને કહેવાય છે કે જાપાને દ્વિતીય વિશ્વયુદ્ધમાં શરણાગતિ સ્વીકારતા બોઝ દક્ષિણ-પૂર્વના દેશ તરફ ભાગી નીકળ્યા, જ્યાં ૧૮ ઓગસ્ટ, ૧૯૪૫ના દિવસે વિમાન દુર્ઘટનામાં તેમનું મૃત્યુ થયું.

એ બાબતે અનેક શંકાઓ અને વિવાદ થતા આવ્યા છે કે તે સમયના કેટલાંક સત્તારૂઢ પરિબળો તેમજ અંગ્રેજ સરકારના કારણે આપણે પ્રખર તેજસ્વી અને લોકપ્રિય સુભાષચંદ્ર બોઝ જેવા નરરત્નને અકાળે ગુમાવી બેઠા.

આવા મહાન દેશભક્ત સુભાષચંદ્ર બોઝને કોટી કોટી વંદન !

**- સ્મિતા ધ્રુવ**

# Important points to be kept in mind regarding Income Tax Return



**CA Carim Lakhani**
Member Direct Tax Comm.

આપણા દ્વારા નાણાકીય વર્ષમાં ઘણા બધા નાણાકીય વ્યવહારો થતા હોય છે. આ વ્યવહારોમાં આપણા દ્વારા આપણા પરમેનન્ટ એકાઉન્ટ નંબર કે આધાર નંબર દર્શાવવામાં આવતા હોય છે જ્યારે વર્ષ પુરું થયા બાદ વર્ષ દરમ્યાન કમાયેલ આવક પર આપણે લાગુ પડતા દરે સરકારને આવકવેરો ભરવો પડતો હોય છે.

આવકવેરાના કાયદા પ્રમાણે આપણી આવકને કુલ પાંચ ભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે :

૧. પગારની આવક
૨. મકાન મિલકતની આવક (ભાડું)
૩. ધંધા કે વ્યવસાયમાંથી ઉદ્‌ભવતી આવક
૪. મૂડી નફો
૫. અન્ય સાધનની આવક (વ્યાજ, ડિવિડન્ડ વગેરે)

- **આવકવેરાનું રિટર્ન શું છે?**

આવકવેરાના કાયદા પ્રમાણે પાછલા વર્ષ દરમિયાન આપના દ્વારા વિવિધ સ્ત્રોતમાંથી કમાયેલ આવકો, કપાતો વગેરે ધ્યાનમાં લઈને લાગુ પડતા દરે આવકવેરો ભરવો પડે છે અને એક નિયત ફોર્મમાં રજૂ કરવું પડે છે, જેને આવકવેરાનું રિટર્ન કહે છે.

- **આવકવેરાનું રિટર્ન ક્યારે ભરવું પડે?**

વ્યક્તિ/એચ.યુ.એફ.ના કેસમાં કુલ આવક નાણાકીય વર્ષ દરમ્યાન રૂ.૨,૫૦,૦૦૦/-થી વધુ હોય, સિનિયર સિટીઝન (૬૦ વર્ષથી વધુ) ના કેસમાં રૂા.૩,૦૦,૦૦૦/- અને સુપર સિનિયર સિટીઝનના કેસમાં કુલ આવક રૂ.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય તો ફરજિયાત નિયત સમયમર્યાદામાં આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવું પડે છે.

- **ક્યારે ફરજિયાત રિટર્ન ફાઈલ કરવું પડે?**

આવકવેરાના કાયદા મુજબ ભાગીદારી પેઢી, LLP કે કંપનીના કેસમાં આવકવેરાનું રિટર્ન ફરજિયાત ફાઈલ કરવું પડે છે. આ ઉપરાંત નીચેની પરિસ્થિતિમાં વ્યક્તિની આવક પાયાની મુક્તિ મર્યાદાથી વધતી ન હોય તો પણ ફરજિયાત આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવું પડે છે.

૧. ભારતના સામાન્ય રહીશ હોય તેવા કરદાતા, ભારત બહાર કોઈ પણ મિલકતમાં માલિકી હક કે Beneficial Ownership ધરાવતા હોય.

૨. કોઈ બેન્કનાં એક કે વધુ કરન્ટ (ચાલુ) ખાતામાં કુલ મળીને રૂ.૧ કરોડ કે તેથી વધુ રકમ જમા કરવામાં આવી હોય.

૩. પોતાના કે અન્ય કોઈના વિદેશ પ્રવાસ માટે રૂ.૨ લાખ કે તેથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવ્યો હોય.

૪. વીજળીના વપરાશ (લાઈટ બીલ) માટે રૂા.૧,૦૦,૦૦૦/- થી વધુ રકમનો ખર્ચ કરવામાં આવેલ હોય.

- **આવકવેરાનું રિટર્ન ભરવા માટેની નિયત સમય મર્યાદા (નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે) :**

| કરદાતા | રિટર્ન ભરવાની તારીખ | નવી તારીખ |
|---|---|---|
| કંપની કે જેના હિસાબો કોઈ પણ કાયદા હેઠળ ઓડિટને પાત્ર હોય | ૩૧ ઓક્ટોબર | ૧૫ ફેબ્રુઆરી |
| પગારદાર, અન્ય ધંધાકીય આવક ધરાવનાર | ૩૧ જુલાઈ | ૩૧ ડિસેમ્બર |

### જાગૃત કરદાતા બનો

- આવકવેરાનું રીટર્ન નિયત સમય મર્યાદા પહેલા ભરો.
- આવકવેરાનું રીટર્ન ભરવા માટે વર્ષ દરમ્યાન કરવામાં આવેલ નાણાંકીય વ્યવહારોની નોંધ રાખો.
- રીટર્ન ફાઈલ કરતા પહેલાં આવકવેરાના પોર્ટલમાંથી નવું "Annual Information Statement" ડાઉનલોડ કરી તેમાં દર્શાવેલ વ્યવહાર ચકાસો.
- જો આપે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧નું રીટર્ન ફાઈલ કર્યું હોય તો પણ "Annual Information Statement" ડાઉનલોડ કરી જુઓ કે તેમાં દર્શાવેલા વ્યવહારોની અસર તમે તમારા રીટર્નમાં આપી છે કે નહીં? જો ન આપી હોય તો રીટર્ન રીવાઈઝ્ડ કરો.

**● આવકવેરાનું રિટર્ન ફાઇલ કરતી વખતે કઇ બાબતો ધ્યાનમાં રાખશો?**

નાણાકીય વર્ષ દરમિયાન તમારા દ્વારા વિવિધ સ્ત્રોતમાંથી આવકો કમાયેલ હોય છે. તેની વિગતો આપે આપના સલાહકાર/સી.એ.ને આપવી પડતી હોય છે, જેથી તેઓ આપની આવકની સાચી ગણતરી કરી શકે અથવા આપ જો જાતે રીટર્ન ભરતા હો તો નીચેની વિગતો હાથવગી રાખવી ખૂબજ જરૂરી છે.

● જો આપ નોકરી કરતા હો તો આપના માલિક દ્વારા પગારનું સર્ટિફિકેટ કે ફોર્મ-૧૬ આપવામાં આવે છે જેમાં આપનો વર્ષ દરમિયાન કુલ પગાર, ભથ્થાં, સવલતોનું મૂલ્ય, માન્ય કપાતો, ભરવાપાત્ર વેરો, ટી.ડી.એસ. વગેરે વિગતો દર્શાવેલી હોય છે.

● જો આપે વર્ષ દરમિયાન આપનું મકાન/દુકાન ભાડે આપેલ હોય તો ભાડા કરાર, ભરેલ મ્યુનિસિપલ ટેક્સ, મકાન/ દુકાન લોન પર લીધેલ હોય તો ચૂકવેલ વ્યાજ વગેરેની વિગતો.

● જો આપ ધંધો કે વ્યવસાય કરતા હો તો અને નામું લખાતું હોય તો નફા-નુકસાન ખાતું, સરવૈયું, મૂડી વગેરેની વિગતો.

- વર્ષ દરમિયાન આપના શેર/મ્યુ. ફંડમાં રોકાણ કરવામાં આવે અને તેનું વેચાણ કરવામાં આવેલ હોય અથવા મકાન કે અન્ય મિલકતો વેચવામાં આવેલ હોય તો તેના પુરાવા.
- રોકાણમાંથી મળેલ વ્યાજ, ડિવિડન્ડ વગેરેની વિગતો.
- કરવેરા બચાવવા માટે કરેલ ૮૦-સી હેઠળનાં રોકાણો જેમ કે પી.પી.એફ., વીમા પ્રીમિયમ, ટ્યુશન ફી, ELSS, NSC વગેરે.
- વર્ષ દરમિયાન પોતાના કુટુંબ અને મા-બાપ માટે ભરેલ મેડીક્લેમ.
- વર્ષ દરમિયાન માન્ય ટ્રસ્ટને આપેલ ડોનેશન.
- અલગ અલગ બેન્કની પાસબુક/ સ્ટેટમેન્ટ વગેરે.
- **ફોર્મ 26 AS :**

ઇન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા આપને વર્ષ દરમિયાનનો આપનો ટેક્સ કપાયેલ હોય, આપના દ્વારા એડ્વાન્સ ટેક્સ ભરાયેલ હોય વગેરેની માહિતી ઓનલાઇન આપવામાં આવે છે, જેને ફોર્મ 26 AS કહેવાય છે. આ સ્ટેટમેન્ટ સૌથી અગત્યનું સ્ટેટમેન્ટ ગણાય છે, જેને જોયા વગર આપે આપનું રિટર્ન ફાઇલ કરવું જોઇએ નહીં.

● **એન્યુઅલ ઇન્ફર્મેશન સ્ટેટમેન્ટ** (AIS) **(નવું ફોર્મ** 26 AS)

સરકાર લાંબા ગાળે "Pre Fill" Return નો વિચાર અમલમાં લાવવા જઇ રહી છે એટલે કે આપની આવક અંગેની અમુક માહિતી સીધી "થર્ડ પાર્ટી" દ્વારા સરકાર મેળવી આપને જણાવે છે જેથી આપ આપનું રિટર્ન ફાઇલ કરતી વખતે આ માહિતી ધ્યાનમાં લેવાનું ચૂકી ન જાઓ.

ઇન્કમટેક્સ ડીપાર્ટમેન્ટને "થર્ડ પાર્ટી" પાસેથી આપના નાણાકીય વ્યવહારોની માહિતી મળે છે'. જેવી કે આપના દ્વારા મ્યુ. ફંડ/શેર્સમાં રોકાણ, વેચાણ, પગાર, વ્યાજની આવક, ડિવિડન્ડની આવક, મિલકતના ખરીદ-વેચાણની વિગત, ભાડાની આવક, ઓફ માર્કેટ વ્યવહાર જેવા કે (બે ડીમેટ એકાઉન્ટમાં ફેરબદલી), વિદેશી હૂંડિયામણની ચુકવણી વગેરે.

● **નવા AIS ફોર્મના ફાયદા :**

● ભવિષ્યમાં આપનું આવકવેરાનું રિટર્ન ઇન્કમટેક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા અમુક વિગતો સાથે તૈયાર જ આવશે (Pre Filled Return)

● AIS માં દર્શાવેલ વિગતો સાથે જો આપ સંમત ન હો, તો આપ "ઓનલાઇન" Feedback પણ ભરી શકશો.

● તમે AISને તમારા કમ્પ્યૂટરમાં ડાઉનલોડ કરી, જો કોઇ ભૂલ/ ફેરફાર હોય તો Submit પણ કરી શકશો.

● AIS દ્વારા આપના દ્વારા કરાયેલ નાણાકીય વ્યવહારોની માહિતી અપાય છે, જેને આપ આપના રિટર્નમાં દર્શાવી ભવિષ્યમાં આવતી ઇન્કમટેક્સની નોટિસ, વ્યાજ, પેનલ્ટીથી બચી શકો છો.

● AIS બે ભાગમાં વિભાજિત છે :

Taxpayer Information System (TIS)

Annual Information System (AIS)

TIS એ "સારાંશ" છે, જેમાં તમામ માહિતી આપવામાં આવે છે.

● **AIS ફોર્મમાં કઇ માહિતી હોય છે?**

૧ જૂન, ૨૦૨૦થી આપની નીચે મુજબની માહિતી નવા ફોર્મ 26 ASમાં દર્શાવાશે.

- TDS/TCSની માહિતી.
- નિર્દિષ્ટ નાણાકીય વ્યવહારો
- ભરેલ આવકવેરો, એડવાન્સ ટેક્સ, સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ
- કરની ડિમાન્ડ/રિફંડ
- ઇન્કમટેક્સની ચાલુ/પૂરી થયેલ કાર્યવાહી.
- **AIS અને ફોર્મ 26 AS વચ્ચેનો તફાવત :**

સરકાર દ્વારા આપણી ઘણી બધી નાણાકીય વિગતો ભેગી કરવામાં આવે છે. અત્યાર સુધી ફોર્મ 26 AS આપણે ડાઉનલોડ કરી જાણી શકતા હતા કે સરકાર પાસે આપણી કઇ વિગતો "થર્ડ પાર્ટી" પાસેથી મળેલ છે, પરંતુ તેનો વ્યાપ ખૂબ જ મર્યાદિત હતો. મોટા ભાગે "ફોર્મ 26 AS"નો ઉપયોગ TDS, TCS, Advance Tax Self Assessment Tax પૂરતો હતો.

પરંતુ ગયા વર્ષના બજેટમાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે નવું ફોર્મ 26 AS કે જે Annual Information Statement તરીકે પણ ઓળખાય છે, તેમાં કરદાતાની વ્યાપક માહિતી હશે. તેમાં આપણા દ્વારા વર્ષ દરમિયાન કરેલ શેર/મ્યુ.ફંડ/સિક્યોરિટીઝના ખરીદ/વેચાણ, ડિવિડન્ડ, વ્યાજ વગેરેની માહિતીનો પણ સમાવેશ થાય છે.

- **શું ફોર્મ 26 AS બંધ થશે?**

આવકવેરા વિભાગ દ્વારા જણાવ્યા પ્રમાણે જ્યાં સુધી AIS ફોર્મ સંપૂર્ણપણે કાર્યરત થાય ત્યાં સુધી ફોર્મ 26 AS ચાલુ રહેશે. લાંબા ગાળે ''AIS'' ફોર્મ જ આપનું આવકવેરા રિટર્ન ભરવાનો આધાર બનશે.

- જો આપણે ઇન્કમટેક્સનું રિટર્ન નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નું ભરી લીધું હોય તો શું?

૧ નવેમ્બર, ૨૦૨૧ના રોજ આવકવેરા વિભાગ દ્વારા પ્રેસ રિલીઝ જાહેર કરવામાં આવી. ત્યારબાદ ઇન્કમટેક્સના નવા પોર્ટલમાં ''AIS'' દર્શાવવાનું શરૂ થયું.

તેમાં જણાવ્યા પ્રમાણે ''AIS''માં દર્શાવેલી વિગત આવકવેરાનું રિટર્ન ભરતી વખતે ધ્યાનમાં લેવી જોઇએ અને કોઇ ફેરફાર હોય તો ''Feedback'' આપવું જોઇએ. જો આપે ITR ફાઇલ કરી લીધું હોય અને તેમાં દર્શાવેલ માહિતી દર્શાવવાની રહી ગયેલ હોય તો આપે આપનું ઇન્કમટેક્ષ રીટર્ન ફરીથી ફાઇલ કરવું પડશે.

ઘણી વાર રિટર્ન ફાઇલ કરતી વખતે વર્ષ દરમિયાન મળેલ બચત ખાતાનું વ્યાજ, ડિવિડન્ડ, શેર્સ/મ્યુ. ફંડના વેચાણનો નફો દર્શાવવાનો રહી જતો હોય છે તો આપે આપનું રિટર્ન ફાઇલ કરી લીધું હોય તો AIS ખાસ જોવું જોઇએ અને ઉપરોક્ત વિગત રહી ગઇ હોય તો રિવાઇઝ રિટર્ન ફાઇલ કરવું જોઇએ.

- **''AIS'' ક્યાંથી જોઇ શકાય?**

કરદાતા www.incomtaxindia.gov.inની વેબસાઇટ પર જઇ પાસવર્ડથી લોગ-ઇન કરી ''Services'' સેક્શનમાં જઇ ''AIS'' ફોર્મ ડાઉનલોડ કરી શકે છે. આવું પત્રક ''PDF'' ફોર્મમાં ડાઉનલોડ કરી શકાય છે. ''AIS''ને જોવા માટે PAN No. અને આપની જન્મ તારીખ પાસવર્ડ તરીકે નાખતાં જોઇ શકાશે.

- **નવા ફોર્મ ''AIS''ની ખાસિયતો કઇ કઇ છે?**

- વ્યાજ, ડિવિડન્ડ, શેર/મ્યુ. ફંડનાં રોકાણ, વિદેશી ચલણના વ્યવહારો વગેરેની માહિતી એક જ જગ્યાએ.
- Taxpayer Information Summaryમાં ઉપરના તમામ વ્યવહારોનો સારાંશ.
- ભવિષ્યમાં Pre Filled ઇન્કમટેક્ષ રીટર્નનો આધાર.
- ''AIS''ની આપેલી માહિતીમાં ''ફીડબેક'' આપી ભૂલો સુધારી શકાય.
- AIS ડાઉનલોડ કરી શકાય છે.

- **કયા વ્યવહારોનો AISમાં સમાવેશ થયેલ છે અને ભવિષ્યમાં થશે?**

- પગારની આવક - ભાડાની આવક
- મળેલ ડિવિડન્ડ - બચતખાતાનું વ્યાજ
- ડિપોઝિટ પર વયાજ - અન્ય વ્યાજની આવક
- ઇન્કમટેક્સ રિફંડ પર વ્યાજ - પ્લાન્ટ-મશીનરી પર ભાડું
- બોન્ડ / સરકારી જામીનગીરી પર વ્યાજ - વાહનની ખરીદી-વેચાણ
- ઇન્સ્યોરન્સ કમિશન - ધંધાકીય આવકો/ખર્ચાઓ
- જીવન વીમા પોલિસીની મળેલ રકમ - રોકડ જમા/ ઉપાડ
- જમીન/મકાનનું વેચાણ - ક્રેડિટ/ ડેબીટ કાર્ડ વગેરે
- શેર/મ્યુ. ફંડનું ખરીદ/વેચાણ
- OFF માર્કેટ વ્યવહારો
- ભાડાની ચુકવણી
- રોકડ ચુકવણી
- વિદેશી હૂંડિયામણની આવક/ચુકવણી
- વિદેશ પ્રવાસ

પ્રોજેક્ટ ઇનસાઇટ હેઠળ સરકાર દ્વારા-(૧) લોકોમાં આવકવેરાનું પાલન કરવાની જાગૃતિ આવે અને તેનું નિયમિત પાલન થાય. (૨) લોકોમાં વિશ્વાસ આવે કે બધા કરદાતા તેઓનો લાગુ પડતો વેરો ભરે જ છે. (૩) પારદર્શક કરવેરો ઉઘરાવવાની પદ્ધતિના ભાગરૂપે ''AIS'' શરૂ કરવામાં આવેલ છે.

અમારું સ્પષ્ટ માનવું છે કે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ આ અભિયાનનું તમામ કરદાતાઓએ યોગ્ય પાલન કરવું જોઇએ, જેથી ભવિષ્યમાં થનારા વિવાદો, વ્યાજ, પેનલ્ટી વગેરેની જવાબદારી ન આવે.

વર્ષ દરમિયાન આપના દ્વારા કરવામાં આવેલ તમામ નાણાકીય વ્યવહારોની યોગ્ય નોંધ રાખી, AIS સાથે સરખાવી નિયત સમય મર્યાદા પહેલાં આવકવેરાનું રિટર્ન ફાઇલ કરવું જોઇએ અને લાગુ પડતો કર ભરવો જોઇએ અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી શાંતિની ઊંઘ લેવી જોઇએ.

FOR SALE

# A WORKING FACTORY

## 3 - in -1 Rare Combination
(at Ahmedabad, Gujarat)

**Working Factory, Situated at Ahmedabad (Gujarat)**

**Having Super Built up Area 16304 Sq. yard, Net Plot Area is 12636 sq. yard for Sale.**

* Machine Shop Area : 1600 Sq. yard fully equipped with all machines.
* Fabrication Shop Area : 1600 Sq. yard fully equipped with all machines.
* Moulding Shop Area : 1600 Sq. yard having Induction and Cupola Furnace.
* Total EOT Cranes (12 Nos.)
* Fully Equipped Laboratory.
* Office Building.
* Moulding Boxes : approx. 225 Nos.
* Measuring Instruments.

Only serious Buyers Contact urgently on our
E-mail Id: ahmedabad.victoriaa@gmail.com

# Vigilance Mandated For Filing Appeal Under GST



**Nayan Sheth**
Chairman
GCCI Indirect Tax Comm.

"Appeal", is defined in the Oxford Dictionary, volume-I, page-398, as the transference of a case from an inferior to a higher Court or tribunal in the hope of reversing or modifying the decision of the former. Appeal is thus a right of entering a superior Court and invoking its assistance to redress the error of the authority/court below. It is well settled that right of appeal is neither an absolute right nor an ingredient of natural justice whose principles are required to be followed in all judicial or quasi-judicial adjudications. The right of appeal is a statutory right and the grant of such right can be circumscribed by conditions. It is only on fulfillment of those conditions that the right becomes vested and exercisable by the appellant. Like all indirect taxes, the Integrated/Central/State Goods and Services Tax Act, 2017 (herein after referred to as "the GST Acts") also gives right of appeal to any person aggrieved by any decision or order passed under the GST Acts. Specific period of limitation and restricted power to condone the delay in filing the appeal/s have been provided in the GST Acts. In view of the limitations imposed in the GST Acts it will be suicidal if the appeal/s is not filed within the permitted maximum period of limitation. The vigilance required to be observed for filing appeals within limitation prescribed in the GST Acts is discussed in this article.

**LAW PREVAILENT UNDER THE EARLIER REGIME**

Under the Gujarat Sales Tax Act, 1969 as well as under the Gujarat Value Added Tax Act, 2003 period of limitation was specified for filing appeals by the aggrieved person. However an appellate authority and Tribunal were given specific powers for admission of appeals beyond the period of limitation if it was satisfied that the person had sufficient cause for not preferring the appeal within the prescribed period of limitation. Such powers were given without any limitation as to the period for which delay can be condoned. Hon. Supreme Court had in the famous case of Collector Land Acquisition, Anantnag and Another v/s Mst. Katiji and Others 66 S.T.C. 228 laid down that a liberal approach should be adopted for condoning delay in filing an appeal. It was therefore observed that in most of the cases under the Sales Tax and the Vat Acts, the delay in filing the appeal for one reason or the other was generally condoned if the delay was not abnormally high. However the provisions of law are materially different under the GST Acts and therefore every aggrieved person will have to be vigilant to ensure that the period of limitation for filing the appeal together with the period up to which the delay can be condoned by the appellate authority is not contravened.

**PROVISIONS UNDER GST**

The provisions relating to appeal under the GST Acts in so far as it relates to prescribing the period of limitation and the power to extend it are as under:

**107. Appeals to Appellate Authority**

(1) Any person aggrieved by any decision or order passed under this Act or the State Goods and Services Tax Act or the Union Territory Goods and Services Tax Act by an adjudicating authority may appeal to such Appellate Authority as may be prescribed within three months from the date on which the said decision or order is communicated to such person.

(4) The Appellate Authority may, if he is satisfied that the appellant was prevented by sufficient cause from presenting the appeal within the aforesaid period of three months or six months (in case of appeal by the Commissioner) as the case may be, allow it to be presented within a further period of one month. [clarification in the bracket and emphasis supplied by me]

**112. Appeals to Appellate Tribunal**

(1) Any person aggrieved by any decision or order passed under section 107 or 108 of this Act or the State Goods and Services Tax Act or the Union Territory Goods and Services Tax Act may appeal to the Appellate Tribunal against such order within three months from the date on which the order sought to be appealed against is communicated to the person preferring the appeal.

(6) The Appellate Tribunal may admit an appeal within three months after the expiry of the period referred to in sub-section (1) or permit the filing of a memorandum of cross objections within forty-five days after the expiry of the period referred to in sub-section (5) if it is satisfied that there was sufficient cause for not preferring it within that period. [emphasis supplied by me]

**PERIOD OF LIMITATION FOR FILING APPEALS UNDER GST**

It may be noted that unlike the earlier prevalent sales tax and Vat regimes in Gujarat, in the GST Acts there is a specific period up to which delay in filing an appeal can be condoned by the appellate authority or Tribunal. Thus a first appeal against any order or decision can be filed within three months of the date of receipt of such order and the appellate authority has been given a power to condone the delay up to one month. In other words the maximum time limit for filing an appeal could be 4 months from the date of receipt of the order to be challenged. Under no circumstances, a first appeal filed beyond a period of 4 months from the date of receipt of the order can be entertained by an appellate authority. Similarly so far as Appellate Tribunal is concerned, the appeal is to be filed within a period of 3 months from the date of receipt of the order and the Tribunal has been given power to condone delay up to 3 months. Thus the maximum time limit for filing appeal to the Tribunal is 6 months from the date of receipt of the order.

**PERIOD OF LIMITATION TO BE COMPUTED FROM DATE ORDER IS UPLOADED ON PORTAL**

Hon. Gujarat High Court has in the case of **Gujarat State Petronet Limited vs. Union of India S.C.A. No. 15607 of 2019 decided on 5.3.2020** held that in view of section-107 of the GST Acts read with rule 108 of the GST Rules, an appeal is required to be filed in electronic mode only and if any other mode is to be prescribed then the same is required to be notified by way of a notification. No notification has been so far issued for manual filing of an appeal. In such circumstances, even if a physical copy of the adjudication order is handed over to the aggrieved person, the time period to file appeal would start only when the order is uploaded on the GST portal.

**NO STATUTORY REMEDY IF TIME LIMIT FOR FILING APPEAL LAPSED**

Thus under the GST Acts specific time limit is prescribed not only for filing appeal but also for condoning the delay. In view of such statutory provisions even an appellate authority cannot entertain an appeal if it is filed beyond the maximum period of limitation including the extended period for condonation of delay. Decision of Hon. Supreme Court in the case of **Assistant Commissioner (CT) LTU, Kakinada and Others v/s Glaxo Smith Kline Consumer Health Care Ltd. 77 GSTR 342 (S.C.)** completely covers this issue.

**DECISION OF HON. SUPREME COURT**

***Statutory provisions in Andhra Pradesh***

In the case of Glaxo Smith Kline Consumer Health Care Ltd. (supra) the facts were that under the Andhra Pradesh Value Added Tax Act, 2005 statutory appeal was required to be filed within 30 days from the date on which the order was served on the assessee. The appellate authority was empowered to condone the delay in filing the appeal if it was filed within a further period not exceeding 30 days and sufficient cause for not preferring the appeal within prescribed time limit was made out. Thus the appellate authority was not empowered to entertain an appeal beyond a period of 60 days from the date on which the order was served.

***First appeal rejected but writ allowed***

The dealer preferred an appeal beyond the total period of 60 days from the date of receipt of the order. The delay in filing the appeal was explained as because of certain irregularities of an employee who was suspended. The first appellate authority rejected a request to condone the delay on the grounds that the reasons for delay were not rational and delay beyond 60 days cannot be condoned as per the provisions of the Vat Act. A writ petition was filed before Hon. Telangana and Andhra Pradesh High Court which held that statutory remedy of appeal had become ineffective due to expiry of 60 days from the date of service of order and an opportunity must be given to the dealer for explaining its case before the authority. The writ was thus allowed with a direction to the authority to pass an order afresh after giving hearing to the dealer.

***Writ not to be entertained when alternative remedy available***

In an appeal before Hon. Supreme Court, it took notice of the settled law that though the High Court can entertain a writ petition under Article-226 against any order it ought not to do so as a matter of course when aggrieved person could have availed an effective remedy in the manner prescribed by law. Thus though under Article-226 the power of the High Court are very wide it has to exercise a self imposed restraint and it should not ordinarily entertain a writ petition when alternative remedy is available.

***Legislative intent should not be disregarded***

In the case of **Mafatlal Industries Ltd. v/s Union of India 111 S.T.C. 467 (S.C.)** Hon Supreme Court has laid down that even the Constitutional Court while exercising plenary power under Article-142 should certainly take note of the legislative intent manifested in the provisions of the Act and

would exercise its jurisdiction consistent with the provisions of the enactment so as not to render statutory provision otiose.

***Limitation provided in Statute must be followed***

According to Hon. Supreme Court a policy behind statutory provision not permitting condonation of delay beyond a particular period is to expeditiously decide the grievances of a person who might be aggrieved by an order. The prescription of limitation is thus within the ambit and sweep of the policy of legislation. According to Hon. Supreme Court though the High Court has wide jurisdiction under Article-226 of the Constitution it cannot disregard the substantive provisions of the statute.

***Conclusion of Hon. Supreme Court***

Hon. Supreme Court concluded that even though the dealer might have plausible explanation against the demand raised against it, the High Court should not have entertained a writ petition when appeal filed beyond the statutory period of limitation was rejected on the ground of limitation.

**VIGILANCE MANDATED**

It can thus be taken as settled that since under the GST Acts the period of limitation is specified for filing first and the second appeals and the appellate authority and Tribunal have been given restricted power to condone the delay in filing the appeals up to a period of 1 month or 3 months as the case may be it will be very much necessary to file the appeal/s within the prescribed limitation. If the time limit prescribed in the GST Acts is lapsed there is extremely limited scope for the High Court to entertain writ petition against the order raising demand against any person.

**WRIT JURISDICTION OF HON. HIGH COURTS**

Recently Hon. Supreme Court has in the case of **Radha Krishnan Industries v/s State of Himachal Pradesh and Others 88 GSTR 228 (S.C.)** summarised the writ power of Hon. High Courts under Article-226 of the Constitution after referring to number of its earlier decisions in the following words:

"27. The principles of law which emerge are that:

(i) The power Under Article-226 of the Constitution to issue writs can be exercised not only for the enforcement of fundamental rights, but for any other purpose as well;

(ii) The High Court has the discretion not to entertain a writ petition. One of the restrictions placed on the power of the High Court is where an effective alternate remedy is available to the aggrieved person;

(iii) Exceptions to the Rule of alternate remedy arise where (a) the writ petition has been filed for the enforcement of a fundamental right protected by Part-III of the Constitution; (b) there has been a violation of the principles of natural justice; (c) the order or proceedings are wholly without jurisdiction; or (d) the vires of a legislation is challenged;

(iv) An alternate remedy by itself does not divest the High Court of its powers Under Article-226 of the Constitution in an appropriate case though ordinarily, a writ petition should not be entertained when an efficacious alternate remedy is provided by law;

(v) When a right is created by a statute, which itself prescribes the remedy or procedure for enforcing the right or liability, resort must be had to that particular statutory remedy before invoking the discretionary remedy Under Article-226 of the Constitution. This Rule of exhaustion of statutory remedies is a Rule of policy, convenience and discretion and

(vi) In cases where there are disputed questions of fact, the High Court may decide to decline jurisdiction in a writ petition. However, if the High Court is objectively of the view that the nature of the controversy requires the exercise of its writ jurisdiction, such a view would not readily be interfered with."

Thus it can be said that there is no absolute prohibition against entertainment of writ jurisdiction. However the scope is very limited particularly in a case where the statutory time limit for filing an appeal against the order has lapsed.

**DECISION OF HON. GUJARAT HIGH COURT**

In the case of **Panoli Intermediate (India) Pvt. Ltd. vs. Union of India and Ors. 2015 (326) ELT 532 (Guj.)** a bench of 3 Hon. Judges of Hon. Gujarat High Court was concerned with the appeal provisions of the Central Excise Act, 1944 which provided for a period of limitation of 60 days for filing an appeal and conferred power to the appellate authority to condone delay up to 30 days. Hon. Gujarat High Court has held as under:

(1) The limitation provided under section-35 of the Act cannot be condoned in filing the appeal beyond the period of 30 days as provided by the proviso nor the appeal can be filed beyond the period of 90 days.

(2) The petition under Article-226 of the Constitution would not lie for the purpose of condonation of delay in filing the appeal.

(3) The petition under Article-226 of the Constitution can be preferred for challenging the order passed by the original adjudicating authority in following circumstances:

1) The authority has passed the order without jurisdiction and by assuming jurisdiction which there exist none or

2) Has exercised the power in excess of the jurisdiction and by overstepping or crossing the limits of jurisdiction or

3) Has acted in flagrant disregard to law or rules or procedure or acted in violation of principles of natural justice where no procedure is specified.

4) Resultantly, there is failure of justice or it has resulted into gross injustice.

Thus Hon. High Court shall have power to exercise writ jurisdiction against the original order raising demand in aforesaid exceptional circumstances, but the exercise of such power is discretionary and will be governed solely by the dictates of the judicial conscience enriched by judicial experience and practical wisdom of the Judge. It may be noted that Hon. Supreme Court in the case of Glaxo Smith Kline Consumer Health Care Ltd. (supra) has while setting aside the judgment of Hon. High Court entertaining writ petition even though appeal was not filed in time has observed to the effect that no finding was recorded by the High Court that it was a case of violation of principles of natural justice or non-compliance of statutory requirements in any manner.

**CONCLUSION**

It can thus be concluded that since GST Acts provide a specific period of limitation and curtails the power of the appellate authority for condoning the delay in filing the appeals, it is very much necessary that everyone should be vigilant in filing the appeal/s within the statutory time limit fixed by the GST Acts. Neither the Hon. High Court nor the Hon. Supreme Court can extend the period of limitation so prescribed in the GST Acts. If the period of limitation for filing an appeal has lapsed, only in very few exceptional cases, writ jurisdiction of Hon. High Court can be invoked to revoke the order raising demand against any person.

# *National & International Trade Fairs*

## National Trade Fairs

| | | | |
|---|---|---|---|
| **Plast India 2022** | 17 - 21 Feb, 2022 | New Delhi | Plastic & Rubber |
| **ISGW - INDIA SMART GRID WEEK** | 1 - 6 March, 2022 | New Delhi | Smart Grid and Smart Cities |
| **PAPERWOLD INDIA** | 3 - 6 March, 2022 | Mumbai | Paper and Stationery |
| **DefExpo 2022** | 10 -13 March, 2022 | Gandhinagar | Defence |
| **ACETECH - HYDERABAD** | 3 - 6 April, 2022 | Hyderabad | Construction and Building Materials |

## International Trade Fairs

| | | | |
|---|---|---|---|
| **Inhorgenta Munich 2022** | 11 - 14 February, 2022 | Munich, Germany | Gems and Jewellery |
| **Hannover Messe** | 25 – 29 April, 2022 | Hannover, Germany | Industrial Products |
| **Agrishow 2022** | 25 – 29 April, 2022 | Brazil | Agricultural Technology |
| **ISRACHEM 2022** | 24- 25 May, 2022 | Tel Aviv, Israel | Chemical and Process Industries |
| **LOGISTIX 2022** | 22 - 25 June, 2022 | Bangkok, Thailand | Transport and Logistics |
| **Dubai Expo** | 1 October 2021 - 31 March 2022 | Dubai, UAE | Multi-product |
| **Sial 2022** | 15 - 19 October, 2022 | Paris, France | Food |
| **EVTEKS 2022** | 1 - 5 Nov, 2022 | Istanbul, Turkey | Home Textiles |

# Gujarat Student Startup and Innovation Hub

Gujarat Student Startup and Innovation Hub, registered under Section 8 of the companies Act 2013, is envisioned to be centre for all Startup stakeholders to develop an end-to-end innovation and entrepreneurial ecosystem in the State of Gujarat by creating pathways from "Mind-to-Market". *i*-Hub is a vibrant incubation setup established under SSIP by the Education Department, Government of Gujarat.

Uniquely designed, *i*-Hub is an amalgamation of modernistic cutting-edge infrastructure, agile, flexible and collaborative co-working spaces to spark real interaction and flow of ideas, focused mentoring, networking, customer connect, investment opportunities, support mechanisms and futuristic labs, all under one roof. It penetrates support to the remotest stakeholder and creates a decentralized facility for best possible pre-incubation, incubation and acceleration.

*i*-Hub, a catalyst in creating a stronger startup ecosystem across the state with its cohesive approach in inculcating entrepreneurial spirit in the youth. *i*-Hub undertakes strategic interventions to develop a benchmark incubation support system in the state by linking students, academia, industry and society at large.

---



Sai Sudha Chebrolu





**Start-Up Name: Bilvam Jaganmaata Herbals Pvt. Ltd.**
**Brand Name: Bilvam Herbals**
**Founder Name: Sai Sudha Chebrolu**
**Founded on 15th November, 2019**
**Formally Founded – August, 2020**

Bilvam Jaganmaata Herbals Pvt. Ltd., Anand, Gujarat (Bilvam Herbals), is working in herbal sector with a motto to "support the health and wellness of all beings by focusing on prevention and simple curative treatments." Our vision is to "Mainstream Ayurveda for All". Bilvam Herbals is currently engaged in production of innovative herbal products, formulations and health services to cure various ailments.

Bilvam Herbals products are categorised into Herbal Health Supplements, herbal cosmetics and naturally grown spices, raw honey, Jaggery and Gir Gomata Ghee.

In the last one year and half Bilvam herbals served more than 450 customers across India and in US, UK and Dubai.

The unique and competitive advantage Bilvam Herbals has over other similar brands are:

1. Unique Formulations: which no other company is manufacturing and that gives an edge to us over other already established manufacturing companies.

- Already in market: Absorption booster (Nischya Amlaki Churna, Complexion Booster (Sudha Kiranalu)
- Product development stage: Basti (Enema), food supplements such as Barley flour blended with herbs for weightloss/diabetes and other food items which can be blended with various herbs which can work as food and medicine.

2. Constant and continuous connect with customers: Unlike other companies and brands, Bilvam Herbals believes and practices to stay in continuous contact with each and every customer. This way, customers will be more confident in using the products and would be able to overcome constraints in using the supplements regularly.

3. Tailor made advise on Dinacharya, diet and products: Bilvam Herbals doesn't follow one size fits all, rather advises the customers the product combos along with diet and Dinacharya based on their health condition, body type and preferences.

Our Direct Customers:

1. Herbal Health Supplements – 40+, urban educated people with some basic understanding on Ayurveda or natural therapies and their children who live in abroad.
2. Herbal Cosmetics – Teenagers and 20+

Marketing Channels:

1. Currently we are directly dealing with customers and by repeat and referral orders.

2. Have a e commerce portal and are into social media promotions and campaigns
3. Angel customers–customers who are very happy with our customers and are willing to promote our products with commercial benefit. We provide them training on how to customize products according to the health condition and to treat every individual unique so treat them based on their requirements.
4. Exploring B2B opportunities both in India and in other countries.

---




**Dr. Prerak Shah**
(B.A.M.S.)



**Silver Spring,**
Behind Xavier's Ladies Hostel, Navrangpura,
Ahmedabad-380 009, Gujarat, INDIA.
Phone : +91-79-26446025
Mobile : +91-9824243567
E-mail : info@ayulink.com
Website : www.ayulink.com


**Professional Career:**

An Internationally renowned Ayurveda Consultant-Teacher and Motivational speaker with "Bachelor of Ayurvedic Medicine and Surgery" degree from Gujarat Ayurveda University, started practice in 1988, as Gujarat's first fullfledged Panchkarma doctor as private practitioner in Ahmedabad. He is founder managing director of Ayulink–a multi objective platform for popularizing Ayurveda. Dr. Shah has developed his own unique approaches /techniques to treat Arthritis, Migraine, Ulcerative Colitis and Pain management.

**International Presence:**

He has conducted lectures and seminars on various ayurvedic subjects at events in more than 27 countries and feel very grateful to have been invited to lecture at the United Nations' Organization at Vienna, Austria in May-2005.

**Innovations:**

He is working hard on building a strong relationship with Pharmaceutical and Food Companies since two decades sharing knowledge and expertise in the conceptualization, development and management of Natural Products viz;

Some of his Innovative products:

**AyuBreth – 1st time introduction** of Ayurvedic Bronchodilator Mouth Spray – inhaler in Indian market (Pharma Product) AyuBreth is a mouth spray – inhaler with very fast actions (response time in seconds), safer – easy – convenient approach to counter respiratory tract disorders, including asthma, bronchitis, allergies, breathlessness and upper respiratory tract issues.

• **MIG21-SL** – Tab 1st time introduction Ayurvedic sub-lingual tablets for various types of headache in Indian market (Pharma Product)

Use of Sub-lingual pathway for treating brain/head related issues was never before thought by any Ayurveda pharma in India. It has response time of less than 30 minutes in primary trials with patients of migraine and other types of headaches. Completely made with herbal/ayurvedic herbs and safe to use for all age group.

• **Chyawanprash Toffees** – (Food Product) 1st time

introduction of a novel and innovative food supplement converting traditional chyawanprash into a toffee form. Easy to carry, storage and consume product with 100% benefits of Chyawanprash Avaleh.

• **Chyawanprash Energy/Immunity Bar** in two variants: (Pharma Product) 1st time introduction of Immunity Bar made with Chyawanprash in Indian market. Best replacement of breakfast with all needed nourishment (many vitamins, essential micronutrients & more) for executives, early morning

workers or people on diet.

**All these innovations are first time or never heard concepts in market.**

**Publications:**

He has been regularly publishing columns in the Gujarati daily newspaper, 'Divyabhaskar' and has published 10 books on Ayurveda topics so far to promote Ayurveda.

**Dream Project :**

**He dreams to establish an Incubator organization for the start-ups and innovators of AYUSH practitioners**

# Apps for Small Businesses to Streamline Business Processes



**Sarangi Kanani**
Co-Chairperson,
Business Women Committee

વ્યાપાર હમણાં જ શરૂ થયો હોય કે થોડા વર્ષો પસાર થયાં હોય વ્યવસાયનું કદ નાનું, માધ્યમ કે વિશાળ જે પણ હોઈ, સ્થાપક અથવાનિર્દેશકો હંમેશા રોજ-બ-રોજની વ્યાપાર પ્રક્રિયાઓને સુધારવા અને સુવ્યવસ્થિત કરવાના માર્ગો વિશે વિચારતા હોય છે. સદ્ભાગ્યે આ ડિજિટલ યુગમાં, વ્યવસાય માલિકોને મદદ કરવા માટે પહેલા કરતાં વધુ સાધનો છે, જેમાં ડેસ્કટૉપ-આધારિત એકાઉન્ટિંગ સૉફ્ટવેરથી લઈને વ્યવસાય સંચાલન સુધીની દરેક વસ્તુનો સમાવેશ આ એપ્લિકેશન્સમાં થાય છે. આજે રેકોર્ડ સ્થાપવા માટે ડેસ્કટોપ કમ્પ્યુટર નો આધાર લઈ શકાય છે જયારે સ્થાપક સફરમાં હોઈ ત્યારે મોબાઈલ મારફત પોતાના કાર્ય સંચાલનની વિગતો ને આરામથી મેળવી શકે છે. આમ, આવી એપ્લિકેશન્સ વાણિજ્ય વ્યવસ્થાપન માં ઘણી જ સમય અને ઊર્જાને બચાવનાર સાબિત થાય છે ત્યારે ઘણા ઉદ્યોગસાહસિકો વધુ Flexible નાના વ્યવસાય એપ્લિકેશનોથી લાભ મેળવી શકે છે. અહીં એપ્સ અને ટૂલ્સની સૂચિ છે જે વ્યવસાયનાં વિવિધ પાસાંના ઉપયોગ માટે વાપરવામાં ખૂબ જ સરળ છે, જે વ્યાપાર પ્રક્રિયામાં ઉદ્યોગસાહસિકોનાં સમય અને નાણાં બચાવી શકે છે. અમે ટોચની નાની વ્યાપારી એપ્સની યાદી તૈયાર કરી છે અને તેને કેટેગરી પ્રમાણે વર્ગીકૃત કરી છે, સાથે આ સાધનો શું ઑફર કરી શકે છે તેનું વિવરણ પણ આપ્યું છે તે વિશે વધુ જાણવા માટે અને તમારા નાના કે મધ્યમ કદના વ્યવસાય માટે શ્રેષ્ઠ એપ્લિકેશનો શોધવા માટે આ માર્ગદર્શિકાનો ઉપયોગ કરો.

## 1. Apps for Accounting and Finance

વ્યવસાયનું એકાઉન્ટિંગ મેનેજકરવું એ કદાચ સૌથી મહત્ત્વપૂર્ણ આવશ્યકતાઓમાંની એક છે, આપણે વ્યવસાયનુંહાર્દ કહી શકીએ છીએ કે મોટા ભાગની જટિલ જવાબદારીઓ વ્યવસાય ચલાવવા સાથે સંકળાયેલી છે. નીચેની ત્રણ નાના વ્યવસાયની એકાઉન્ટિંગ એપ્લિકેશન્સ, જોકે, ઇન્વોઇસિંગ, ખર્ચ, પગારપત્રક અને વધુ બધું સહિત, તમારાં મૂળ ભૂત હિસાબ-કિતાબ કાર્યોને ગોઠવવામાં અને કરવા માટે તમને મદદ કરી શકે છે.

### 01. Quick Book

એકાઉન્ટિંગ વિશ્વનાં સૌથી મોટાં નામમાંનું એક QuickBooks Online ભારત અને વિદેશમાં દરેક જગ્યાએ સરળ, શક્તિશાળી અને લોકપ્રિય છે.

ટેક્સ એકાઉન્ટિંગથી લઈને પેરોલ, નફાનું વિશ્લેષણ અને ઈન્વેન્ટરી મેનેજમેન્ટ સુધી QuickBooks આ બધું કરી શકે છે માસિક અને વાર્ષિક લવાજમ આધારિત આ આપ્લિકેશન છે. તમે કયા Version માટે ચુકવણી કરી રહ્યા છો તેના આધારે. ભલે તમે એક વ્યક્તિનો વ્યવસાય હોય અથવા વધતી જતી સ્ટાર્ટ-અપ, QuickBooks Online પાસે જરૂરિયાત અનુસાર versions ઉપલબ્ધ છે. ઉપરાંત, દરેક versions સાથે, મોબાઈલ ક્વિકબુક્સ એપ્લિકેશનની ઍક્સેસ હશે, જે Apple એપસ્ટોર પર ટોચની રેટેડ નાના વ્યવસાય એપ્લિકેશન્સમાંની એક છે.

મોબાઈલ એકાઉન્ટિંગ એપ્લિકેશન સાથે, તમે ઇન્વૉઇસ બનાવી શકો છો, કસ્ટમર માન્ગેમેન્ટ કરી શકો છો. આઉટસ્ટેન્ડિંગ બિલ રિમાઇન્ડર્સ કસ્ટમર માન્ગેમેન્ટ બધું જ એક જ સાથે સરળ રીતે થઈ શકે છે .

### 02. Wave

વેવ એ એકમાત્ર સાચી ફ્રી એકાઉન્ટિંગ સોફ્ટવેર સિસ્ટમ છે, જે સબ્સ્ક્રિપ્શન માટે કંઈ પણ ચૂકવ્યા વિના તેમના ઑનલાઇન-આધારિત પ્લેટફોર્મ, મોબાઈલ ઇન્વોઇસિંગ એપ્લિકેશન અને મોબાઈલ રસીદ એપ્લિકેશનનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. વેવ એકાઉન્ટિંગ એપ હમણાં જ શરૂ થઈ રહેલા નાના વેપારી માલિકો માટે સરસ છે અને તે તમને એક જ એપ્લિકેશનમાં તમારી કાર્યક્ષમતા વધારવાની તક આપવા માટે ચુકવણી અને પે-રોલ પેઇડ એડ-ઓન ઓફર કરે છે.

### 03. Fresh Books

ઇન્વોઇસિંગ, નીચી કિંમતો અને બજારની શ્રેષ્ઠ મોબાઈલ એકાઉન્ટિંગ એપ્લિકેશનનોમાંથી એક પર ધ્યાન કેન્દ્રિત કરતી એકાઉન્ટિંગ એપ્લિકેશન માટે તમે ફ્રેશબુક્સનો ઉપયોગ કરી શકો છો. ફ્રેશબુક્સ ઓનલાઈન સોફ્ટવેર અને મોબાઈલ એપ વડે તમે કોઈ પણ વધારાના ખર્ચ વિના તમારા રોકડ પ્રવાહ, ખર્ચ, ઈન્વોઈસ અને વધુની દેખરેખ રાખી શકો છો, ઉપરાંત તમામ યોજનાઓ સાથે શ્રેષ્ઠ ગ્રાહક સેવા પ્રાપ્ત કરી શકો છો.

## 2. Apps for Managing

ઈન્વેન્ટરી મેનેજમેન્ટ એ કંપનીના સંચાલનનું મહત્ત્વપૂર્ણ અંગ છે કારણ કે તે ખાતરી કરવામાં મદદ કરે છે કે કંપનીમાં કેટલો કાચોમાલ તૈયાર માલની જાણકારી આપે છે, સાથે સ્ટોકઆઉટ અને અચોક્કસ રેકોર્ડ્સના જોખમને મર્યાદિત કરે છે.

ઈન્વેન્ટરી મેનેજમેન્ટ કંપનીની ઈન્વેન્ટરીને ઓર્ડર કરવા, સ્ટોર કરવા,

ઉપયોગ કરવા અને વેચવાની પ્રક્રિયાનો સંદર્ભ આપે છે. આમાં કાચોમાલ, ઘટકો અને તૈયાર ઉત્પાદનોનું સંચાલન તેમજ આવી વસ્તુઓની વેરહાઉસિંગ અને પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

### 01. Delivrd

Delivrd સાથે તમે ઑનલાઇન-

આ ઇન્વેન્ટરી મેનેજમેન્ટ આધારિત એપ્લિકેશનને ફ્રીમાં ઉપયોગ કરી શકો છો. Delivrdનો ઉપયોગ કરીને તમે ઉત્પાદન સૂચિ બનાવી શકો છો; સ્ટોકની ગણતરી કરી શકો છો, સ્ટોક પ્રાપ્ત કરો અને સ્ટોક ઇશ્યૂ કરો; સ્ટોક સ્તર એલર્ટ મેળવી શકો છો અને તમારા ઇન્વેન્ટરી ટ્રાન્ઝેક્શન ઈતિહાસને ઍક્સેસ કરી શકો છો

ઉપરાંત જો તમે વધારાની સુવિધાઓ શોધી રહ્યા છો તો તમે Delivrd ની પઇડ સર્વિસની યોજના માંથી કોઈ પણ પસંદ કરી શકો છો, પ્રતિ વપરાશ કર્તા દીઠ $૪૯.૯૯થી શરૂ થાય છે જોકે એ નોંધવું અગત્યનું છે કે Delivrd એ વેબ-ઓન્લી સેવા છે અને અલગ મોબાઇલ એપ ઓફર કરતી નથી.

### 02. SOS Inventory

SOS ઈન્વેન્ટરી એ ઈન્વેન્ટરી ટ્રેકિંગ, ઓર્ડર મેનેજમેન્ટ અને મેન્યુફેક્ચરિંગનેસરળ બનાવવા માટેના દૃશ્ય થી બનાવવામાં આવેલી એપ છે. SOS ઇન્વેન્ટરી Quick Books અને Shopify બંને સાથે એકીકૃત થઇ શકે છે અને તેનો ઉપયોગ ડેસ્કટોપ, ટેબ્લેટ અથવા મોબાઇલ પર થઈ શકે છે. આ એપવડે, તમે એક કરતાં વધુ બિઝનેસ લોકેશન માં ઈન્વેન્ટરી મેનેજ કરી શકો છો, તમારી આઇટમને સંખ્યાબંધ અલગ-અલગ વિશેષતાઓ (જેમ કે સિરિયલ નંબર અને ખર્ચ ઈતિહાસ) અનુસારટ્રેક કરી શકો છો અને અન્ય સુવિધાઓની વચ્ચે ટિકિટ અને પૅકિંગ સ્લિપ બનાવી શકો છો.

### 03. Sortly

સૉર્ટલી ઇન્વેન્ટરી મેનેજમેન્ટ એપ્લિકેશન વેબ અને મોબાઇલ એપ વર્લ્ડ બંનેમાં શ્રેષ્ઠ સરળતા આપે છે. સૉર્ટલી વેબ પ્લેટફોર્મ દ્વારા તેમજ તમારા સ્માર્ટફોન અથવા ટેબ્લેટ પર તેમની મોબાઇલ સ્મોલ બિઝનેસ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકાય છે. સૉર્ટલી વડે, તમે કસ્ટમ નોંધ અને ટૅગ્સ સાથે તમારો કેટલોગ જાળવી શકો છો, બારકોડ શોધી શકો છો અને બિલ્ટ-ઇન સ્કેનરનો ઉપયોગ કરી શકો છો, ઉપરોક્ત જણાવેલી સર્વિસીસ સૉર્ટલીમાં ફ્રી આપવામાં આવેલ છે .

## 3. Apps for work Time Tracking

જ્યારે તમારી પાસે બહુવિધ કર્મચારીઓ, વિવિધ સમયપત્રક તેમજ અનેકવિધ અન્ય જવાબદારીઓ હોય ત્યારે ટીમનું સંચાલન કરવું મુશ્કેલ બની શકે છે. તેથી તમને આ શેડ્યૂલિંગ, એચઆર અથવા ટાઈમ ટ્રેકિંગ ઍપમાંથી કોઈ ફાયદો થઈ શકે છે, જેમાંથી કોઈ પણ તમારી ટીમને વધુ સરળતાથી ચલાવવામાં મદદ કરી શકે છે. આવી એપની મદદ થી ઘણાં સમય અને શક્તિ બચી શકે છે .

### 01. Time Doctor

આ એપ આખી ટીમ માટે છે અને ઉપયોગમાં સરળ છે. આ એપ સમય ટ્રેકિંગ. ઉત્પાદકતા માપન, ઓફ-ટ્રેક ચેતવણીઓ, ઓનલાઈન ટાઈમશીટ્સ, પેરોલ, ઈન્ટિગ્રેશન, ઓનલાઈન ટાઈમશીટ્સ અને પેરોલ, એમ્પ્લોઈ વર્ક એલર્ટ્સ, વર્ક સ્ક્રીન શોટ્સ. ટાઈમ ડોક્ટર ટાઈમ ટ્રેકિંગ અને એમ્પ્લોઈ મોનિટરિંગની મંજૂરી આપે છે. તે સરળ અને માસિક સબ્સ્ક્રિપ્શન બેઝ એનરોલમેન્ટ છે.

### 02. Teamdeck

આ રિસોર્સ મેનેજમેન્ટ સોફ્ટવેર તમને એક એપ્લિકેશનમાં ટીમની હાજરી, શેડ્યૂલ રિસોર્સિસ અને કામના સમય અને રજાના દિવસોને ટ્રેક કરવાની મંજૂરી આપે છે. તમારી ટીમના પ્રદર્શનની દેખરેખ રાખવામાં અને ઑનલાઇન સૉફ્ટવેર અને તેને અનુરૂપ મોબાઇલ એપ્લિકેશન સાથે તમારી મંજૂરીથી અપાયેલા કર્યોને ટ્રેક કરવામાં તમને સહાય કરવા માટે ટીમ ડેકમાં કસ્ટમાઇઝ કરી શકાય તેવા અહેવાલો પણ જનરેટ કરી શકાય છે.

## 4. Apps for Communication

વ્યવસાય સંચાલન દરમિયાન ટીમના મેમ્બર સાથે અથવા ક્લાયન્ટ્સ સાથે વાત કરવાની જરૂર રહેતી હોય છે, કોમ્યુનિકેશન એપ્લિકેશન તમારા વ્યવસાય માટે તે પ્રક્રિયાને સરળ બનાવી શકે છે.

ટીમ વાર્તાલાપ ઉપરાંત વધારાની સુવિધાઓ પણ આવી એપ પૂરી પાડતી હોય છે, જેમ કે જૂથ સંગઠન વિકલ્પો, વીંડિયો મિટિંગ ક્ષમતાઓ અને વધુ, જે તમને ફક્ત ટેક્સ્ટિંગ અથવા ઇ-મેઇલ મોકલવાથી મળતી નથી.

### 01. Slack

આ ઉત્પાદકતા એપ્લિકેશન ઇન્સ્ટન્ટ મેસેજિંગને કામ માટે અનુકૂળ બનાવે છે. બિનજરૂરી મિટિંગો યોજવાના બદલે અથવા બમણા ઇ-મેઇલ ટાઇપ કરવાના બદલે તમે ફક્ત તમારા કર્મચારીઓમાંથી એકને એક સંદેશ શૂટ કરી શકો છો અને જો તમે તમારા કમ્પ્યૂટર અથવા મોબાઇલ ઉપકરણનો ઉપયોગ કરી રહ્યા હો તો તેટલો જ ઝડપી જવાબ મેળવી શકો છો. ફ્રી વિકલ્પ અને વધારાની સુવિધાઓ સાથે પ્રીમિયમ Versions, સ્લૅક પ્રયાસ કરવા યોગ્ય છે. Slack Claims productivity increase By 32% for the Companies.

### 02. Skype or Microsoft Teams

વીડિયો અને ચેટિંગ નાની બિઝનેસ એપ્સમાં, Skype હજુ પણ સૌથી વધુ જાણીતા વિકલ્પમાંથી એક છે. Skype સાથે તમે મેસેજ મોકલી શકો છો,

ફાઈલ શેર કરી શકો છો, તમારા સ્ક્રીન પર અન્ય લોકોને પ્રદર્શિત કરી શકો છો, ૨૫ જેટલા અન્ય સહભાગીઓનો સમાવેશ કરી શકો છો અને વધુ.

ઉપરાંત માઈક્રોસોફ્ટ હવે આ એપનું બિઝનેસ સ્પેસિફિક વર્ઝન, માઈક્રોસોફ્ટ ટીમ્સ (જેણે વ્યવસાય માટે સ્કાયપેને બદલ્યું છે) ઓફર કરે છે, જે ફ્રી વર્ઝનમાં મૂળભૂત સુવિધાઓ અને પેઈડ પ્લાનમાંથી કોઈ એકસાથે વધુ ક્ષમતાઓને ઍક્સેસ કરવાની મંજૂરી આપે છે.

## 5. Apps for Customer Relationship Management

### 01. Salesforce

સેલ્સફોર્સ એ કદાચ CRM પ્લેટફોર્મ્સમાં સૌથી મોટાં નામમાંનું એક છે, જેનો ઉપયોગ સમગ્ર વિશ્વમાં નાના અને મોટા વ્યવસાયો દ્વારા થાય છે. સેલ્સફોર્સ પ્લેટફોર્મ તમને સમગ્ર વિભાગોમાં ગ્રાહક પ્રોફાઇલ્સને ટ્રેક અને મેનેજ કરવા, વ્યક્તિગત માર્કેટિંગ યોજનાઓ વિકસાવવા, ગ્રાહક સમસ્યાઓનો પ્રતિસાદ આપવા અને વધુ કરવાની મંજૂરી આપે છે

### 02. Nimble

Salesforceની જેમ જ Nimble એ CRM સોફ્ટવેર છે જે તમને સંપર્કો જાળવીને, સોશિયલ મીડિયા સાથે કનેક્ટ કરીને, માર્કેટિંગ અને આઉટરીચ સંદેશાઓ મોકલીને અને વધુ દ્વારા ગ્રાહક સંબંધોનું સંચાલન કરવાની મંજૂરી આપે છે. તમે G-Suite અથવા Office ૩૬૫ સાથે Nimbleને એકીકૃત કરી શકો છો, તેમજ અન્ય ઘણાં લોકપ્રિય પ્લેટફોર્મ્સ. સેલ્સફોર્સની જેમ, નિમ્બલમાં ઓનલાઈન સોફ્ટવેર અને મોબાઈલ એપનો સમાવેશ થાય છે, જો કે, દર મહિને પ્રતિ વપરાશકર્તા માત્ર $19 (વાર્ષિક બિલ)ની કિંમત વધુ સસ્તું છે.

## 6. Apps for Project Management and Organization

### 01. Trello

આ કાર્ડ આધારિત સિસ્ટમ તમને વિવિધ કાર્યો સરળતાથી બનાવવા, સોંપવા, મોનિટર કરવા, અપડેટ કરવા અને પૂર્ણ કરવા દે છે, દરેક વ્યક્તિ શક્ય તેટલી ઉત્પાદક અને કાર્યક્ષમ છે તેની ખાતરી કરવાની આ એક સરસ રીત છે.

ઉપરાંત Trello અન્ય નાના બિઝનેસ એપ્સ, જેમ કે Evernote, Slack અને વધુ સાથે એકીકૃત થાય છે.

Trelloનો ઉપયોગ ઓનલાઈન અથવા તમારા મોબાઈલ ઉપકરણ પર થઈ શકે છે અને તે અમર્યાદિત ફ્રી version તેમજ પેઈડ વિકલ્પ ઓફર કરે છે.

### 02. Asana

અન્ય વર્કફ્લો મેનેજમેન્ટ એપ્લિકેશનની સરખામણી માં Asana થોડો અલગ અભિગમ અપનાવે છે. વિઝ્યુઅલ કાર્ડ્સ ના બદલે, ટ્રેલો જેવા, Asana અત્યંત કસ્ટમાઇઝ કરી શકાય તેવા લિસ્ટ ફોર્મેટનો ઉપયોગ કરે છે જેને તમે ગમે તે રીતે ડિઝાઇન કરી શકો છો, પરંતુ મૂળભૂત વિચાર સમાન છે. તમારાં કાર્યોનું સંચાલન કરવા માટે ચોક્કસ સિસ્ટમનો ઉપયોગ કરવાથી તમારી સમગ્ર ટીમની ઉત્પાદકતામાં સુધારો થશે. Trello ની જેમ, તમે બેઝિક ફ્રી વર્ઝન સાથે અથવા તેમના પેઇડ પ્લાન બંને સાથે કમ્પ્યુટર અને મોબાઇલ ડિવાઇસ બંને પર આસનનો ઉપયોગ કરી શકો છો

## 7. Platform for successful social media management

### 01. Buffer

બફર એક સાહજિક, સુવ્યવસ્થિત સામાજિક મીડિયા મેનેજમેન્ટ પ્લેટફોર્મ છે, જે નાના વ્યવસાયો અને વ્યક્તિઓ દ્વારા સામાજિક મીડિયા પર અર્થપૂર્ણ જોડાણ અને પરિણામો ચલાવવામાં મદદ કરવા માટે વિશ્વસનીય છે.સામાજિક પોસ્ટ્સ, જોડાણ, વિશ્લેષણ, સરળ લેન્ડિંગ પૃષ્ઠો અને ટીમ સહયોગ પ્રકાશિત કરવા માટે ઉત્પાદનોનો સમૂહ. એક જ પ્લેટફોર્મ મારફત લગભગ બધાજ સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર સાથે પોસ્ટ થઇ શકે છે.

### 02. Hootsuite

તમારા બધા સોશિયલ મીડિયાને એક જગ્યાએ મેનેજ કરી શકો તેવું એક ઓલ-ઇન-વન પ્લેટફોર્મ છે, જે તમને સામગ્રીને ક્યૂરેટ કરવા અને શેડ્યૂલ કરવા, તમારા સામાજિક ROIને માપવા, સોશિયલ મીડિયા પર જાહેરાતો ચલાવવા અને વધુ કરવાની મંજૂરી આપે છે.

Hootsuite બહુવિધ એકાઉન્ટ્સ અને keywordsનું નિરીક્ષણ કરવામાં, ૩૫થી વધુ સામાજિક નેટવર્ક સાથે જોડાવા અને સામાજિક મીડિયા પોસ્ટને બલ્ક-શેડ્યૂલ કરવામાં સક્ષમ છે.

## સારાંશ

ટૂંકમાં નાના અને મધ્યમ સાઈઝના વ્યવસાય માટેની શ્રેષ્ઠ એપ્લિકેશનોની અમારી આ સૂચિમાંના કોઈ પણ વિકલ્પ તમારી રોજ-બ-રોજની પ્રક્રિયાઓને ઑપ્ટિમાઇઝ કરવા માટે ઉપયોગી થઈ શકે છે.'

ઉપરાંત, આમાંની મોટા ભાગની એપ્લિકેશનો મફત (અથવા ઓછામાં ઓછા ઓનલાઈન સૉફ્ટવેર સબ્સ્ક્રિપ્શન સાથે) હોવાથી તેમને ડાઉનલોડ કરવામાં, તેમને અજમાવવામાં અને તમારા વ્યવસાય માટે યોગ્ય છે કે નહીં તે નક્કી કરવામાં કોઈ નુકસાન નથી.

UPL OpenAg™

**UPL salutes Indian farmers who made India the 2nd largest producers of Agriculture Commodities in the World.**



# Assistance Provided by GoG for Technology Acquisition and Patent Application



**CA Darshan Patel**
Committee Member
IPR Task Force, GCCI

Members of GCCI would be aware that, MSMEs are currently holding more than 90% of the Industrial Units of our country and contributes more than 50% of India's Export. Considering the significant contribution by MSME sector but struggling with the lack of funds, Centre and State have given various incentives and subsidies.

